મહાપુરુષની પ્રસાદી

મોક્ષાભિલાષી દીક્ષાર્થી...! ધર્મલાભ. લીધેલા સંયમને સુંદર બનાવવા તેમજ જીવનવયમાં પ્રાપ્ત થતાં સંયમને સુસફળ અને શાસન પ્રભાવક બનાવવા માટે નીચેના શ્લોકને હૃદયમાં, વાણીમાં અને વર્તનમાં જીવંત બનાવવાની સતત કાળજી રાખશો.

आत्मप्रवृत्तावतिजागरूकः परप्रवृत्तौ बधिरान्धमूकः ।
सदा चिदानन्दपदोपयोगी लोकोत्तरं साम्यमुपैति योगी ॥१

તેજ યોગી લોકોત્તર સામ્યને પામે છે કે-જે યોગી સદા ચિદાનન્દપદ - મોક્ષપદના ઉપયોગવાળો બને છે. આત્મપ્રવૃત્તિમાં અતિ-અપ્રમત્ત બને છે અને પરપ્રવૃત્તિ - આત્માને અહિતકર પ્રવૃત્તિને તથા પરને અહિતકર પ્રવૃત્તિને સાંભળવામાં **બહેરો** બને છે. જોવામાં **આંધળો** બને છે. અને બોલવામાં **મૂંગો** બને છે. આવા તમે બનો એજ એકની એક અને સદા માટેની શુભાભિલાષા.

— પરમપૂજ્ય પરમકૃપાનિધિ પરમશાસનપ્રભાવક આચાર્ય — ભગવંત શ્રીમદ્ **વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ** આપેલી અમૂલ્ય પ્રેરણા પ્રસાદી.

JAYANT PRINTERY, BOMBAY-400 002 PH 252982, 289193

સંયમ રંગ લાગ્યો



— પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.

: પ્રકાશક :

પૂ.પં. શ્રીપદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા ટ્રસ્ટ- અમદાવાદ
C/o. અશોકકુમાર હિંમતલાલ શાહ, એચ.એ. માર્કેટ, ત્રીજે માળે, કપાસીયા બજાર, અમદાવાદ-૨. ફોન: ૩૩૮૪૪૫-૩૩૭૭૯૨.

C/o. હસમુખલાલ આર. શાહ, જી-૧, ઋષિકા ફ્લેટ્સ, કિરણપાર્ક, નવાવાડજ, અમદાવાદ-૧૩

: સુકૃતના સહભાગી :

* શ્રી શ્રીપાળનગર જૈન દેરાસર ટ્રસ્ટ, ૧૨- હાર્કનેશ રોડ, વાલકેશ્વર, મુંબઈ- ૪૦૦૦૦૬.

* શા. ભગવાનદાસ બકુભાઈ પાટણવાળા પરિવાર. શાંતિનગર, ૬૮, નેપિયનસી રોડ, વાલકેશ્વર, મુંબઈ-૬.

* નવીનચંદ્ર રીખવચંદ, શાંતિનગર, વાલકેશ્વર-મુંબઈ-૬.

* કાંતિલાલ ચીમનલાલ પરિવાર, મુંબઈ- અમદાવાદ.

* જગદીશભાઈ

કિ. ૭ રૂપીયા.
સર્વાધિકાર સ્વાધીન

મુદ્રક:
જયંત પ્રિન્ટરી, મુરલિધર મંદિર કંપાઉન્ડ, ગીરગાંવ, મુંબઈ.
પ્રતિ: ૨૦૦૦ વિ.સં. ૨૦૪૭.

આ ગ્રંથની ગૌરવગાથા:

સંવત ૨૦૪૬નું ચોમાસુ મુંબઈ - વાલકેશ્વર, ચંદનબાળા જૈનઉપાશ્રયમાં પૂર્ણ કરી થોડો સમય ભૂલેશ્વર, લાલબાગ જૈનઉપાશ્રયમાં સ્થિરતા કરી વિ.સં. ૨૦૪૭ના મા.સુ. ૧૦ના પૂ. ગુરુદેવ અખંડબાલબ્રહ્મચારી ધર્મતીર્થપ્રભાવક સિદ્ધાંતસંરક્ષક આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજા પોતાના શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર સાથે શ્રીસંઘની અત્યાગ્રહભરી વિનંતિથી વાલકેશ્વર-શ્રીપાળનગર પધાર્યા. કંઈક તબિયત ઠીક લાગતાં બે વર્ષ બાદ તેઓએ દિવસે પ્રવચન તથા રાત્રે પ્રવચન-તત્ત્વજ્ઞાનની વાચના આપવાનું શરૂ કર્યું...પોતાના ઉપકારી પૂજ્યોની કૃપાથી પ્રાપ્ત કરેલ શ્રુતજ્ઞાનની ગંગા વહેતી થઈ..! અનેરો રંગ જામ્યો. શ્રોતાઓ રસતરબોળ બન્યા!!! એમાં ચારિત્ર મનોરથમાળા વગેરે ઉપર થયેલા પ્રવચનોથી આનંદવિભોર બનેલા શ્રોતાઓમાં એના સ્વાધ્યાયનો રસ જામ્યો. તે સહુની માંગણીથી આ પુસ્તકનો જન્મ થયો. આજથી ૨૩ વર્ષ પૂર્વે પૂ. ગુરુદેવશ્રીએ 'સંયમના સૌંદર્ય' પુસ્તક લખેલું...સંયમધર્મના રંગથી રંગવા એટલું જ સફળ બનેલું. ઘાટકોપર- મુંબઈ નિવાસી શ્રીમણીલાલ વીરજીભાઈની એને પુન: પ્રકાશિત કરવાની માંગણી હતી તેનો પણ આમાં સમાવેશ કરાયો છે!

રાત્રે ચાલેલી બે મહિનાની વાચનામાં સ્યાદ્વાદ, પાંચકારણવાદ, પવિત્ર પ્રતિક્રમણ, ધ્યાનયોગ, સાતક્ષેત્ર વ્યવસ્થા, શ્રાવકની દિનચર્યા, નવધા પરમાત્મભક્તિ તેમજ પ્રશ્નોત્તરી વગેરે વિષયોના પુસ્તકની માંગણી ઉભી છે. અવસરે એનો પણ પ્રયત્ન થશે. આની ઉપયોગિતાનો નિર્ણય કરવાનું વાંચકો ઉપર સોંપું છું.

— મુનિભવ્યદર્શન વિજય.

પ્રકાશકીય પ્રકાશ:

'અદ્ભુત આરાધનાઓ' ગ્રંથ પછી ટૂંક સમયમાં જ 'સંયમરંગ લાગ્યો' ગ્રંથ પ્રકાશિત કરતાં અમે નિરવધિ આનંદ અનુભવીએ છીએ. પૂ.પં. શ્રીપદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળાના માધ્યમદ્વારા જેમાં શ્રુતસાગરનું નવનીત પીરસાય છે. એવા તાત્વિક- સાત્વિક- રસિક- પ્રેરક-ગ્રંથોના પ્રકાશનની અપૂર્વશ્રુત સેવા જે પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજની કૃપાથી મળી રહી છે. તે બદલ કૃતજ્ઞભાવે તેઓશ્રીના પાવન ચરણોમાં કોટિશઃ વંદન કરીએ છીએ. તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભવ્યદર્શન વિજયજી મ.સા. ગ્રંથોનું કુશળ સંપાદન કરી રહ્યા છે. તેની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ. આ ગ્રંથ પ્રકાશનમાં શ્રી શ્રીપાળનગર શ્વે.મૂ. જૈન દેરાસર ટ્રસ્ટ તરફથી તથા ભગવાનદાસ લલ્લુભાઈ પાટણવાળા, નવીનચંદ્ર રીખવચંદ, કાંતિલાલ ચીમનલાલ પરિવાર, તથા જગદીશભાઈ વગેરે તરફથી ઉદાર આર્થિક સહકાર મળ્યો છે. તે સૌને ધન્યવાદ!

સાચા અર્થમાં સંયમનો રંગ લગાડે, સંવેગની વૃદ્ધિ કરે એવું આ 'સંયમ રંગ લાગ્યો' પુસ્તક છે. આપ સૌ વાંચો વિચારો....

લિ. પૂ.પં. શ્રીપદ્મવિજયજી ગણિવર જૈનગ્રંથમાળા ટ્રસ્ટનું ટ્રસ્ટીમંડળ.

શા. અશોકકુમાર હિંમતલાલ,
શા. કુમારપાળ અમીચંદજી બાગરેચા. શા. અનુભાઈ લાલભાઈ,
શા. નીતમભાઈ રસિકલાલ, શા. ચંપકલાલ હીરાલાલ.
શા. રસિકલાલ રામચંદ

અહો ! સંયમધર્મ

શાસ્ત્રોના પાને પાને લખાયેલી દીક્ષા:

ત્યાં સુધી જ અનંત દુઃખોની હારમાળા છે.
" " " રાગાદિની કારમી પીડા છે.
" " " જીવ ઉપર કર્મની જોહુકમી છે.
" " " ગર્ભ કે જન્મની પરંપરા છે.
" " " ઈષ્ટ વિયોગ-શોકાદિની વિપત્તિઓ છે.
" " " અનેક વિટંબણાઓ છે.
" " " દુર્ગતિમાં ગમન ઊભું છે.
" " " રોગોનો ઉપદ્રવ છે અને
" " " ક્લેશથી ભરેલો ઘોર ભયંકર સંસારસાગર ઘુઘવાટા કરી રહ્યો છે કે જ્યાંસુધી આત્માએ સિંહ બની સર્વપાપોના ત્યાગની પ્રતિજ્ઞાસ્વરૂપ ભાગવતીદીક્ષા અંગીકાર કરી નથી.

—ભગવાન સિદ્ધર્ષિ ગણિ

અનંત કલ્યાણકારિણી દીક્ષા:

દીક્ષા એ જીવનભર પાપથી મુક્ત થવાની શિક્ષા-શિક્ષણ છે.

દીક્ષા એ ચૌદરાજલોકના જીવમાત્રને અભયદાન આપતી સર્વશ્રેષ્ઠ જીવનચર્યા છે.

દીક્ષા એ શ્રીતીર્થંકરોએ, રાજરાજેશ્વરોએ અને મહાન શ્રેષ્ઠિપુત્રોએ સર્પની કાંચળીની જેમ સંસારના સુખને તરછોડી ઉજવેલો ત્યાગ વિરાગનો ભવ્ય ઉત્સવ છે.

દીક્ષા એ ચૌદરાજલોકવર્તિ જીવમાત્રને અભયદાનની

ઉદ્‌ઘોષણા છે.

દીક્ષા એ સુખમાત્રની ઈચ્છાનો ત્યાગ છે. દુઃખ માત્રને મજેથી વેઠવાની તાલીમ છે.

દીક્ષા એ ઘોરાતિઘોર સંસારસાગર તરવાની એક માત્ર સ્પેશિયલ સ્ટીમર છે.

વૈરાગ્યના રંગે રંગાયા......

હનુમાનજીને સૂર્યાસ્તનું દશ્ય જોઈને સંસાર અસાર લાગ્યો. મહારાજા દશરથને અંતેપુરના વૃદ્ધ દ્વારપાળનું કરચલીવાળું શરીર જોઈને વૈરાગ્ય જાગ્યો. રાજર્ષિ પ્રસન્નચંદ્રને માથામાં સફેદવાળ આવેલો જોઈને સંસારની નિર્ગુણતા સમજાઈ. રાજા ભર્તૃહરિને સ્ત્રીચરિત્રે સંસારની ઓળખ કરાવી. કરકંડુરાજાએ વાછરડાને જન્મતું, મોટું થતું, પુષ્ટ બનતું, માતેલો બળદ બનતું તેમજ અંતે સાવ ગળીયો બળદ બની ગયેલું જોયું અને સંસારના તમામ પદાર્થોની પરિવર્તનશીલતા સમજાઈ અને તરત જ એ ચારિત્રધર્મના શરણે દોડી ગયો.

જ્ઞાનદષ્ટિએ સંસાર....

અનંતજ્ઞાની શ્રીતીર્થંકરભગવંતો, શ્રીગણધરદેવો અને બહુશ્રુત મહાપુરુષોના જ્ઞાનમાં આ સંસાર બિભત્સ અને ભયાનક લાગ્યો. એ મહાપુરુષોએ સંસારને તોફાની સાગરની, ભયાનક અટવીની, સર્વભક્ષી અગ્નિની, ગોઝારા કસાઈખાનાની, ઘોર રાક્ષસની, દુઃખદ જેલની, બિહામણા સ્મશાનની, કાતિલ વૃક્ષની, ધોમધખતી ગ્રીષ્મઋતુની, સમરાંગણભૂમિની, મિથ્યાસ્વપ્નની અને નાટકની ઉપમાઓ આપી એના આંતર સ્વરૂપનો ચિતાર આપણી સામે ખડો કર્યો છે.

સુંદર સંવાદ :

ભદ્રામાતા : શાલિભદ્ર! તું સંયમ લેવાની વાત કરે છે પણ સંયમ કાંઈ બચ્ચાના ખેલ નથી. હમણાં તારી ભોગની વય છે, માટે વિષયસુખની મસ્તી માની લે. પછી સંયમ લેજે.

શાલિભદ્ર : માતા! મનુષ્યલોકના આ કામસુખો ગંદા, કફ-વીર્યાદિ ઝરતા, મળથી ભરેલા, ખરાબ શ્વાસવાળા, ઉદ્વેગ કરનારા, બીભત્સ, બહુકષ્ટથી સાધ્ય, મૂર્ખજનોથી સેવાતા, સાધુપુરુષોથી નિંદાતા, અનંત સંસારને વધારનારા, ચૂડેલની જેમ દુઃખમાં જકડી રાખનારા અને મોક્ષપ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે.

ગજબ તારી સાધના.....

મગધદેશ, રાજગૃહનગર. મહાન સમકિતી રાજા શ્રેણિક, ત્યાં ભોગી-ભ્રમર **શાલિભદ્ર** નામે મોટો શ્રેષ્ઠિપુત્ર—

એણે પૂર્વભવમાં સુપાત્રમાં શુદ્ધદાન આપ્યું અને પુણ્ય બાંધ્યું. એ પુણ્ય પણ પુણ્યાનુબંધી. એથી રિદ્ધિ અને સિદ્ધિ અફાટ મળી પણ એમાં આસક્તિનું નામ નહિ, એવું એ વિશિષ્ટ પુણ્ય હતું. નજીવું નિમિત્ત મળ્યું ને એ શ્રેષ્ઠિપુત્ર વૈભવને તરછોડી પ્રભુ મહાવીરદેવ પાસે અણગાર બન્યો. અણગાર પણ કેવો? સાક્ષાત્ વિરાગની મૂર્તિ! ત્યાગની પ્રતિમા! સાધુતાનો આરિસો! આત્મસુવર્ણને શુદ્ધ બનાવવા એણે કાયાનું બળતણ કર્યું. સુકી, ભૂખી અને લૂખી થઈ ગયેલી એ કાયામાંથી છેલ્લો કસ ખેંચવા મહામુનિવરે વૈભારગિરિની શીલા પર અણસણ કર્યું. એની માતા ભદ્રા વંદન કરવા આવ્યા છે. સાથે શાલિભદ્રની બત્રીશ નારીઓ છે. ઘરમાં માખણનાં પિંડા જેવા શાલિભદ્ર આજે હાડપિંજર બન્યા છે તે જોઈ સહુની આંખોમાં ઝળઝળિયા

આવ્યા છે. માતાના મુખમાંથી ઉદ્‌ગાર નીકળે છે 'જેને ફૂલની શય્યા - પથારી પણ ખૂંચતી હતી એણે આજે શીલા ઉપર અનશન કર્યા!' રે વીર! તારી વાણીના આ તે કેવા અજબ કામણ?

અનંતકાળ કાયાને કાજે આત્મા પીલાયો. શાલિભદ્ર! આજે તેં આત્માને કાજે કાયાને પીલવાની કળા કેળવી! ધન્ય તારો જન્મ! ધન્ય તારૂં જીવન!! ગજબ તારી સાધના!!!

શોકના અવસરે....

રામ રાવણનું યુદ્ધ થયું. રાવણ મૃત્યુશય્યા પર પોઢી ગયો. એક બાજુ રાવણની ચિતા સળગે છે, બીજી બાજુ મંદોદરી વગેરે રાવણની ૧૬૦૦૦ સ્રીઓ, એ સમાચાર મળતા સંસારના ભયાનક સ્વરૂપનો ખ્યાલ કરે છે, શોકને ફગાવી દે છે. અને ચારિત્ર લેવાનો નિર્ણય કરી ચાલી નીકળે છે. જતાં જતાં રસ્તામાં કેવળજ્ઞાની મળ્યા. સંસારનો સંતાપ મીટાવનારી ધર્મદેશના સાંભળી અને એ ૧૬૦૦૦ રાણીઓ સંસારનો ત્યાગ કરી ગઈ. સંયમની શીતલછાયામાં શાંતરસની મઝા લૂંટી ગઈ. શોકના અવસરે રાગ છૂટ્યો ને વિરાગ પ્રગટી ગયો!

સંયમના ભરોસે....

શીલના જ જેણે એક બખતર કર્યા હતા અને એક રામને જ જેણે હૈયે ધર્યા હતા એવી મહાસતી સીતા રાવણની નાગચૂડમાંથી છૂટીને અયોધ્યામાં આવી પણ પાછો કર્મયોગે વનવાસ વેઠવો પડ્યો. ત્યારબાદ પતિની આજ્ઞાથી દિવ્ય કર્યું. હવે માનભેર અયોધ્યામાં જવાનું છે. ત્યારે સીતાજી ત્યાં જ માથાના વાળનો લોચ કરે છે. રામચંદ્રજી મૂર્છા ખાઈને પટકાય છે. છતાં હૈયું વજ્ર બનાવી સીતાજી જંગલના માર્ગે ચાલી

નીકળે છે અને ત્યાં કેવળજ્ઞાની જયભૂષણ મુનિ પાસે ચારિત્ર લે છે. કર્મ, કાળ અને જગતના ભરોસે જીવવાની મૂર્ખાઈ તેમને ખટકી. સંયમના ભરોસે જીવવામાં અનંતકાળની ભૂલોનું પરિમાર્જન દેખાયું.

પ્રભુ વીરને મંગલ આશિષ.....

પ્રભુના દીક્ષાકલ્યાણક પ્રસંગે ૬૪ ઈન્દ્ર આવી ગયા છે. અસંખ્ય દેવદેવીઓ એકત્ર થયા છે. નરનારીઓના ટોળા ઉભરાયા છે. પ્રભુ 'ચંદ્રપ્રભા' નામની શિબિકામાં આરૂઢ થયા છે. ચોમેર દેવદુંદુભિ વગેરે વાજિંત્રોનો ગંભીર ધ્વનિ ગાજી ઉઠ્યો છે. વરઘોડો નીકળવાની તૈયારી છે ત્યારે ક્ષત્રિયકુળના વડેરાઓ પ્રભુને મંગલ આશિષ આપે છે.—

હે સમૃદ્ધિશાળી! તારો જય થાઓ! હે ભદ્ર! તારૂં કલ્યાણ થાઓ!

'હે પુત્ર! તું ઈક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન થયો છે, હે પુત્ર! તારૂં કાશ્યપ ગોત્ર છે.

હે પુત્ર! હંમેશ ઉદય પામતા જ્ઞાતકુલરૂપી આકાશમાં તું ચંદ્ર સમાન છે.

હે પુત્ર! શુદ્ધ ક્ષત્રિયવંશી રાજા-સિદ્ધાર્થનો તું સુપુત્ર છે. હે પુત્ર! ત્રિશલા ક્ષત્રિયાણીનો તું સુજાત છે.

હે પુત્ર! દેવેન્દ્રો અને નરેન્દ્રોમાં પણ તારી નિર્મળ કીર્તિ ફેલાયેલી છે.

હે પુત્ર! આ મોક્ષના માર્ગે શીઘ્ર પરાક્રમ ફોરવજે.

હે પુત્ર! ઉંચા આલંબનો સામે નજર રાખી તલવારની ધાર જેવા મહાવ્રતોનું બરાબર પાલન કરજે.

હે પુત્ર! મહાન પરાક્રમ કરવાનું છે માટે આ વિષયમાં સહેજ પણ પ્રમાદ ન કરીશ.

આટલું કહીને પ્રભુને નમન-વંદન કરી એ કુલમહત્તરા એક બાજુ ખસી જાય છે અને તરત જ ભગવાન વીર પંચમુષ્ટિ લોચ કરે છે.

પ્રભુ મહાવીર દીક્ષા લે છે ત્યારે:—

પ્રભુ મહાવીરદેવનો દીક્ષાનો વરઘોડો ક્ષત્રિયકુંડનગરની બહાર જ્ઞાતખંડ નામના ઉદ્યાનમાં આવીને ઉતર્યો. પ્રભુની શિબિકા અશોકવૃક્ષની નીચે સ્થાપિત કરવામાં (મૂકવામાં) આવી. હવે પ્રભુ પોતે જ આભૂષણો, પુષ્પની માળાઓ, અને વસ્ત્રો ઉતારી દે છે. પ્રભુના કુળની એક વૃદ્ધ સ્ત્રી એક સુંદર વસ્ત્રમાં આભૂષણ વગેરે લઈને પ્રભુને કહે છે—

'હે પુત્ર! તું ઇક્ષ્વાકુ કુલમાં ઉત્પન્ન થયો છે, હે પુત્ર! તારું કાશ્યપ ગોત્ર છે.

* જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિરતિચારપણે પાલન કરી નહીં જિતાયેલી એવી ઇન્દ્રિયોને તું વશ કરજે!
* દશપ્રકારના સાધુધર્મનું પાલન કરી એને તું સ્વાધીન કરજે.
* શ્રમણધર્મના પાલનમાં આવતા વિઘ્નોને જીતીને તું એ શ્રમણધર્મને સિદ્ધ કરી લેજે.
* બાહ્ય અને અભ્યંતર તપના સેવનથી રાગદ્વેષરૂપ મહામલ્લોને તું કબજે કરજે.
* ખૂબ ધીરતાથી કમ્મર કસીને શ્રેષ્ઠકોટિના શુક્લધ્યાનથી આઠ કર્મરૂપ શત્રુનું તું મર્દન કરજે.

* હે વીર! અપ્રમત્ત બની ત્રણલોકના રંગમંડપમાં કર્મમલ્લને જીતીને આરાધનાની જયપતાકા લહેરાવજે! આવરણ રહિત અને અનુપમ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરજે, ઋષભાદિ જિનેશ્વરોએ પ્રરૂપેલા રત્નત્રયીના સરળમાર્ગે ગમન કરતો અને પરીષહોની ફોજને હઠાવતો તું મોક્ષપદ પ્રાપ્ત કરજે.

હે ક્ષત્રિયોમાં વૃષભસમાન! ઘણા દિવસો, પખવાડિયા, મહિના અને વર્ષો સુધી કઠોર પરીષહો અને ઘોર ઉપસર્ગોમાં નિર્ભય રહીને, શક્તિ હોવા છતાં સર્પ, સિંહાદિના ઉપદ્રવોને સહીને તું જિત મેળવ! તારા સંયમધર્મના પાલનમાં તને કોઈ વિઘ્ન ન આવો! તારો જય થાઓ! જય થાઓ!!

સંસાર ઉજ્જડ થઈ રહ્યો છે.....

ત્રણ ખંડના માલિક જયાનંદકુમારે અવધિજ્ઞાની ગુરુ મહારાજ ચક્રાયુધ સૂરિ મ. ની ક્ષીરાશ્રવલબ્ધિથી અપાતી ધર્મદેશના સાંભળી પોતાના રાજકુટુંબમાંથી પટરાણીઓ, પુત્રો, પૌત્રો વગેરે ૫૦ હજારના પરિવાર સાથે તેમજ હજારો રાજાઓ તથા દેશવાસી હજારો લોકોના પરિવાર સાથે દીક્ષા લીધી ત્યારે પ્રજાજનોના મુખમાંથી ઉદ્ગારો સરી પડ્યા હતા કે 'સંસાર ઉજ્જડ થઈ રહ્યો છે.'

રાજેશ્વર જયાનંદના અદ્ભુત જીવનપ્રસંગો:-

તેમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો હતો. ઉંચાઈ ૧૦ ધનુષની હતી. બેલાખપૂર્વનું આયુષ્ય હતું. તેઓ સદા આનંદ મગ્ન, ન્યાયમાણિક્યના ધારક અને દેવોની સહાયવાળા હતા. વળી સુવિધિનાથ ભગવાનના શાસનનો ઉદ્યોત કરવા માટે સૂર્ય સમાન હતા. પાંચ અણુવ્રતોનું જીવનભર પાલન, પ્રણિમંજરી, સૌભાગ્યમંજરી, તાપસસુંદરી, રતિસુંદરી, વિજયસુંદરી, કમલસુંદરી,

નાટ્યસુંદરી, ગીતસુંદરી, નૃત્યસુંદરી, વજ્રસુંદરી, ચક્રસુંદરી, ચંદ્રસુંદરી વગેરે હજાર કન્યાઓ સાથે **પાણિગ્રહણ**, મહસેન પલ્લીપતિનો કરેલ **પરાભવ**, ગિરિમાલિની દેવીને **પ્રતિબોધ**, એણે આપેલી નેત્ર સજ્જકરણી અને સર્વવિઘ્નનિવારિણી **વિદ્યા**, રેવણીદેવીને **પ્રતિબોધ**, એણે આપેલ ઇચ્છિત રૂપ કરવાની **ઔષધિ**, હેમપ્રભરાજા વગેરેને સમ્યક્ત્વની કરાવેલી **પ્રાપ્તિ**, કાકાના દિકરા સિંહસારે આંખો કાઢી નાંખી, દેવી ઔષધિથી સારી થઈ. દેવીએ કરેલી જયાનંદના **સમકિતની પરીક્ષા**, સુવર્ણજટી વગેરે ૫૦૦ તાપસોને **પ્રતિબોધ**, ગિરિચૂડ યક્ષને **પ્રતિબોધ**, આકાશગામિપલંગની **પ્રાપ્તિ**, ગંગદત્ત પરિવ્રાજક પર કરેલ ઉપકાર, જયમાલ ક્ષેત્રપાલનો પરાભવ, તેણે આપેલી પાંચ મહાપ્રભાવશાળી **ઔષધિઓ**, રાજા પદ્મરથનો પરાજય અને તેને જૈનધર્મ પમાડવો, શીલપ્રભાવે થયેલી વિદ્યાસિદ્ધિ. યોગીનીઓનું વશ થવું. દિવ્યશસ્ત્રાદિની પ્રાપ્તિ, વજ્રમુખદેવનો પરાભવ તેની પાસેથી ચિંતામણીરત્ન તથા મહાવિદ્યાની પ્રાપ્તિ. ચક્રાયુધવિદ્યાધર ચક્રવર્તિ સાથે ૭ દિવસ યુદ્ધ, ચક્રાયુધનો પરાજય, વગેરે અદ્ભુત પ્રસંગોથી ભરપૂર જયાનંદરાજાનું 'ચરિત્ર' હતું.

તેઓ સુંદરરીતે રાજ્યનું પાલન કરી રહ્યા હતા. હજારો રાજાઓથી સેવાતા તેઓ એકવાર રાજસભામાં વિરાજમાન હતા ત્યારે વનપાલકે આવીને રાજાને વધામણી (ખુશખબર) આપી-હે રાજન્! આપના મનોરમ ઉદ્યાનમાં અચિન્ત્યપ્રભાવશાળી ચક્રાયુધ નામના જ્ઞાની ગુરૂમહારાજ પધાર્યા છે. તેઓ ગુણ-લક્ષ્મીના ધામ છે. પ્રીતિનું પાત્ર છે. રૂપ-લાવણ્યના ભંડાર છે. વિશાલ મુનિપરિવારથી સહિત છે. સત્પુરૂષોને જ પૂર્વના કોઈ પુણ્યથી આવા સદ્ગુરૂના દર્શન થઈ શકે.

આ સાંભળતાની સાથે આનંદ પામેલા રાજાએ શરીર પરના કીંમતી વસ્ત્રો અને સઘળા આભૂષણો વનપાળને ભેટ કર્યા.

સામંત રાજાઓ, મંત્રીઓ, સેના અને સેનાપતિઓ, પ્રજાજનો અને અંતેપુરના વિશાલ પરિવાર સાથે રાજસાજના આડંબર પૂર્વક ઉદ્યાનમાં આવી રાજાએ ગુરૂને ત્રણ પ્રદક્ષિણા આપી વિધિપૂર્વક વંદન કર્યું. ગુરૂમહારાજે 'ધર્મલાભ'નો આશીર્વાદ આપ્યો. રાજાએ સુંદરરીતે ગુરૂમ.ની સ્તવના કરી. ત્યારબાદ ગુરૂમહારાજે સહુને રસતરબોળ કરી દેતી અને અચૂક ધર્મબોધ કરતી ધર્મદેશના આપતાં આપતાં વચમાં ક્ષીરાશ્રવલબ્ધિથી દેશના આપવી શરૂ કરી. તેમાં જયાનંદકુમાર વગેરે તદ્ભવ મુક્તિ-ગામીજીવોના પ્રતિબોધ માટે તેમના તથા પોતાના પૂર્વભવોનું વર્ણન કરવા માંડ્યું-રાજન્! પૂર્વે તારો એક ભવ વનપાળનો થયો. ત્યાં તને બે પત્નીઓ હતી. રાજાની પ્રેરણાથી પત્નીઓ સાથે તેં દેવપૂજા કરી તે તને ખૂબ ફળ આપનારી બની. તે પછી તું મતિસાગરમંત્રી થયો. પૂર્વભવની બંને પત્નીઓ આ ભવમાં પણ તારી પ્રિયપત્નીઓ થઈ. અને તમે સૌ અતિબલરાજર્ષિ પાસે જૈનધર્મ પામ્યાં. તમારા માલિક નરવીરરાજાને ખાસપ્રયત્નથી તમે જૈનધર્મ પમાડ્યો. તે રાજા મરીને ધર્મઆરાધનાના પ્રભાવે દેવ થયો અને ત્યાંથી આવીને હું ચક્રાયુધ નામનો વિદ્યાધરચક્રવર્તિ રાજા થયો હતો. આ ભવમાં તમે મને યુદ્ધમાં જીતી લીધો તેથી મને વૈરાગ્ય થયો. ચારિત્ર લઈને સુંદરરીતે મુનિપણું પાળતા આજે હું ચારજ્ઞાનવાળો થયો છું અને તારા ઉપર પ્રત્યુપકાર કરવાની ઈચ્છાથી અહીં આવ્યો છું.

રાજન્! બીજી પણ કેટલીક મહત્વની વાતો છે તે સાંભળ.

તું મતિસાગર નામે મંત્રી હતો અને હું નરવીર નામે

રાજા હતો. ત્યારે આપણે બંનેએ શ્રાવકના ધર્મનું સુંદર આરાધન કર્યું હતું. તેના જ પ્રભાવે અહીં પાંચે ઇન્દ્રિયોના સુખથી પૂર્ણ રાજરિદ્ધિ મળી છે. શ્રાવકધર્મના આરાધનમાં તારો ભાવ વિશેષ હોવાથી તને વિશિષ્ટ રિદ્ધિ મળી છે.

મતિસાગરમંત્રીના ભવમાં સમ્યક્ત્વ પામ્યા પહેલાં તારે ઘેર વહોરવા આવેલા મુનિને, 'શું આંખો નથી કે જેથી આહાર સૂઝતો નથી એમ બોલો છો?' એમ તેં કહેલું. તારી એક સ્ત્રીએ મુનિના કુળની નિંદા કરી હતી. બીજી સ્ત્રીએ 'આ આંધળા ભિક્ષુને આપો' એમ કહેલું. એથી ત્યાં બાંધેલું અશુભકર્મ કેટલુંક પાછળથી પશ્ચાત્તાપથી ખપ્યું. બાકી રહેલું આ ભવમાં ઉદયમાં આવ્યું તેથી તારે થોડો સમય અંધાપો આવ્યો, પુણ્યોદયે દિવ્યઔષધિથી એ અંધાપો ગયો. તારી પહેલીપત્ની કર્મયોગે વેશ્યાને ત્યાં નીચકુલમાં જન્મી અને બીજી પત્ની એના પિતાએ કરેલા વિષપ્રયોગથી અંધ બની.

ત્યારબાદ જયાનંદરાજાએ પોતાના કાકાના દીકરા સિંહસારના પૂર્વભવની હકીકત પૂછી. ગુરૂમહારાજે તે કહી સંભળાવી. એ સાંભળતાંની સાથે જયાનંદને જાતિસ્મરણજ્ઞાન થયું. તે પછી એણે દીક્ષિત થયેલા પોતાના પિતા તથા કાકાની હકીકત પૂછી. જ્ઞાનીએ તેનો ખુલાસો આપીને રાજાને કહ્યું-જયાનંદ! હું મહાવિદેહમાં વિચરતા તીર્થંકરદેવને વંદન કરવા ગયો હતો. ત્યાં પુંડરિગિણિનગરીમાં ભગવંતે ભવ્યજીવોના પ્રતિબોધ માટે તમારૂં ચરિત્ર કહ્યું. તે સાંભળી મને અવધિજ્ઞાન થયું. પૂર્વભવમાં તમે મને શુદ્ધધર્મની પ્રાપ્તિ કરાવી હતી તે ઉપકારનો બદલો વાળવા હું અહીં આવ્યો છું. એમ કહી તેઓએ તીવ્ર સંવેગ અને વૈરાગ્યને જગાવનારી અમોઘ દેશના આપી. જેને સાંભળતા

જયાનંદરાજાનો વૈરાગ્ય ઉત્કટ બની ગયો. સંસાર કારાગાર લાગી ગયો. શીઘ્રાતિશીઘ્ર સંયમ-સામ્રાજ્યને પામવાના નિર્ણય ઉપર એ આવી ગયો.

પોતાના પુત્ર કુવલનંદનો મહોત્સવ સાથે રાજ્યાભિષેક કર્યો, સુંદરરીતે રાજ્યનું પાલન કરવા સઘળી શિખામણો આપી અને જિનધર્મરૂપ કલ્પવૃક્ષની આરાધના તથા પ્રભાવના માટે ભારપૂર્વક સૂચન કર્યું.

પોતાની દીક્ષા લેવાની વાત જાહેર કરી સર્વ જિનમંદિરોમાં અઠ્ઠાઇમહોત્સવ શરૂ કર્યા. મોટા પ્રમાણમાં સાધર્મિકવાત્સલ્ય કર્યા. રાજ્યમાં સર્વત્ર અમારીની ઉદ્‌ઘોષણા કરાવી. જિનશાસનની પ્રભાવનાના અનેક કાર્યો આરંભ્યા. મહાપુણ્યશાળી જયાનંદરાજા સાથે એક લાખ ભાગ્યવાનો ચારિત્ર લેનારા છે. દીક્ષાના વરઘોડાની સજાવટ ઇન્દ્રાદિ અસંખ્યદેવોને પણ દર્શનીય બની હતી. ઉદ્યાનમાં વિરાજતા મહાજ્ઞાની ચક્ષુધરસૂરિ મ. પાસે સહુએ ભવનિસ્તારિણી દીક્ષા લીધી. ત્યારે જયાનંદના ત્રણ ખંડના સામ્રાજ્યમાં પ્રજાના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા હતા કે 'સંસાર ઉજ્જડ થઇ રહ્યો છે!'

રાજમાંથી રાજર્ષિ બનેલા જયાનંદ વિનયપૂર્વક ગુરૂમહારાજ પાસે સાધુસમાચારી શીખે છે. દીક્ષાના પ્રથમ દિવસથી જ વિનમ્ર બની ચારિત્રની એક એક ક્રિયા વિધિપૂર્વક કરે છે. અથાગ પ્રયત્ને શાસ્ત્રાભ્યાસ કરી ટૂંક સમયમાં બાર અંગના પારગામી બને છે. નિ:સંગભાવને અખંડ રાખી અદ્‌ભુત ગુણવૈભવ પ્રાપ્ત કરી સૂરિપદની યોગ્યતા પામે છે. ગુરૂમહારાજ પણ તેમને સૂરિપદ આપે છે. પંચાચારના પાલનમાં સદાય ઉદ્યમી આ સૂરિશેખરને, ગુરૂમહારાજ પોતાના અંતિમ સમયે ગચ્છભાર

સોંપી શિષ્ય તથા ઉપધિ વગેરે વોસિરાવી પાદપોપગમન અણસણ કરે છે. અંતકૃતકેવલી બની મુક્તિ પામે છે. ગુરુમહારાજનું નિર્વાણ સાંભળી જ્યાનંદસૂરિ અપ્રતિમ વૈરાગ્યથી ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પામે છે. ચિરકાળસુધી ભવ્યજીવો પર ઉપકાર કરી અંતે શત્રુંજયગિરિ ઉપર અણસણ કરી મોક્ષપદને વરે છે.

ગજસુકુમાળે રે શીર બળતું સહ્યું....

શ્રીનેમનાથપ્રભુની વાણી સાંભળીને ગજસુકુમાળને સંસાર પર વિરાગ જાગી ગયો. ઘેર આવી એણે **માતા** દેવકીને કહ્યું માતા! આજે પ્રભુની વાણી સાંભળીને મારા હૈયાની આંખ ખુલી ગઈ છે.

માતા: પુત્ર! તારું જોરદાર પુણ્ય કે પ્રભુની વાણી તને સાંભળવા મળી અને તને એ વાણી રૂચિ ગઈ.

કુમાર: માતા! મને એ વાણી અમૃત કરતાંય અધિક મીઠી લાગી છે અને ચારિત્ર લેવાની તીવ્રઈચ્છા જાગી છે. બસ હવે મારે પ્રભુના ચરણે મારૂં જીવન સોંપવું છે માટે માતા! અનુમતિ આપો. પ્રભુએ વર્ણવેલો ધર્મ મને ખૂબ ગમી ગયો છે. મારી સુખની મમતા મરી ગઈ છે. સંસારમાં ચોમેર દુઃખનો દાવાનળ સળગી રહ્યો છે. સંયમધર્મની આરાધના જ એ દાવાનળને ઠારવા સમર્થ છે. માતા! આ મહેલ મારા માટે જેલ સમાન છે. આ કેદી હવે એમાંથી છૂટકારો ઇચ્છે છે.

ગજસુકુમાળની વાત સાંભળીને દેવકીની છાતી ઉપર જાણે વજ્ર પડ્યું. એની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસી રહ્યો. એનું મુખ કરમાઈ ગયું અને થોડીવારમાં જ એ

મૂર્છાવશ જમીન પર ઢળી પડી. તરત જ ગજસુકુમાળે ઠંડા ઉપચારો કર્યા તેથી દેવકી પાછી ભાનમાં આવી ગઈ. એ પુત્રની સામે જોઈને રોતી રોતી કહે છે. વત્સ! તારા પર મેં મોટી આશા રાખી છે. તું તો મારે આંધળાની લાકડી છે. ચારિત્ર લેવું એ કાંઈ ખાવાના ખેલ છે? ચારિત્ર એ તલવારની ધાર પર ચાલવા જેવું, બે હાથે સમુદ્ર તરવા જેવું, માથે થોઠાના ભાર ઉપાડી પર્વતારોહણ કરવા જેવું, અરે! તેથીય કઠિન કામ છે. તું અતિ સુકુમાળ છે. સ્થિરચિત્તે ચારિત્ર નહિ પાળી શકે.

માતા! એ બધુંય કાયરપુરુષ માટે ભલે દુષ્કર હોય પણ ધીર વીર માટે કશું જ દુષ્કર નથી. અરે પુત્ર! જ્યારે બાવીસપરીષહની ફોજ આવશે અને સંયમનગરના સ્વભાવ-રમણતારૂપ કિલ્લાને ભાંગી નાંખશે ત્યારે મારા શબ્દો યાદ આવશે.

માતા! સંયમનગરના કિલ્લા આગળ શુભમનોરથરૂપી સુભટો બેસાડી દઈશ અને એ કિલ્લાની અંદર બીજો સત્ત્વરૂપી કિલ્લો બાંધી દઈશ અને વળી સમતારૂપી બાકોરાઓમાંથી જ્ઞાનરૂપી દારૂગોળાનો માર્ટલ-થી ચાલુ કરી પરીષહની ફોજને જેર કરીશ...!

પુત્ર! તને ખબર છે કે રાગદ્વેષરૂપી ચોરાઓ કેવા જોરદાર છે? એ કાબેલ ચોરાઓ જ્યારે લૂંટ ચલાવશે ત્યારે જબરી ખૂબીથી તારો પુણ્યરૂપી ખજાનો લૂંટી લેશે.

ઓ માડી! એ બે ચોરાઓને તો મેં સારી રીતે ઓળખી લીધા છે. ચારિત્રધર્મના ઉત્સાહનું બખતર પહેરી ત્યાગના પુરુષાર્થરૂપી ધનુષ્ય પર સ્થિરતારૂપી પણછ ચઢાવી વૈરાગ્યરૂપી બાણ ફેંકી પહેલી મૂઠમાંજ એ ચોરાઓને પરાસ્ત કરીશ અને

ત્યારે જગતમાં તારી વીરમાતા તરીકે પ્રસિદ્ધિ થઈ હશે...!

પુત્ર! ભલે તારી વાત સાચી પડે. પણ હમણાં વિષયસુખ ભોગવ. ભુક્તભોગી થયા પછી સંયમનો ભાર લેજે. આટલી જ મારી માંગણી છે.

માતા! વિષયભોગોનો રસ જનમ-મરણના દુઃખોને આપનાર છે. મને હવે દુઃખમય દુર્ગતિમાં ભટકવાનો મોખ નથી. સંસારના ક્ષણિકસુખોથી હું ત્રાસી ગયો છું. સ્ત્રીનો રંગ પતંગ જેવો છે, સંસારમાં કોઈ વિરલ સ્ત્રી જ અભંગ પ્રેમ જાળવી શકે છે. એવી સ્ત્રી ખાતર ક્યો બુદ્ધિમાન મન લલચાવે?

દેવકી ફરી ફરી સંયમની દુષ્કરતા વર્ણવે છે પણ કુંવરને કશી અસર થઈ નહીં. કુંવર કહે છે-માતા! પ્રભુની વાણી સાંભળ્યા પછી મારૂં મન એક માત્ર સંયમને તલસી રહ્યું છે. હવે મને આ સંસાર શેલડીના ફૂલ જેવો નિઃસાર દેખાય છે સંયમ એ જ મારૂં જીવન છે. પ્રાણ છે. સુખ છે. સમૃદ્ધિ છે. માટે માતા! મનને મનાવી લઈને મને જલદી સંયમની અનુમતિ આપો!

દેવકીના નયનોમાંથી બોર બોર જેવડા આંસુ ટપકી રહ્યા છે. એ ગદ્ગદ વચને કહે છે પુત્ર! શી રીતે અનુમતિ આપું?

શ્રીજિનેશ્વરદેવનો સંયમધર્મ ઘણો કષ્ટમય છે! તારૂં એમાં કામ નહિ. ભિક્ષા માટે ઘેર ઘેર ફરવું પડશે એ તને કેમ ફાવશે? સરસ-સુંદર ભોજન ક્યાંથી મળશે? દર્ભ (ઘાસ) ના સંથારે તને ઉંઘ કેમ આવશે? ઉકાળેલું પાણી તારા ગળે કેમ ઉતરશે? માથાના વાળનો લોચ કરાવવો પડશે....ઉઘાડા

પગે વિહારો કરવા પડશે...અરે ભાઈ! આ સંયમ તો મીણનાં દાંતે લોઢાના ચણા ચાવવા જેવું છે....આ અસિધારાવ્રત જીવનનાં છેલ્લાશ્વાસ સુધી તું કેમ પાળી શકીશ?

ત્યારે એક સિંહની અદાથી કુમારે કહ્યું: માતા! નરકનિગોદમાં મેં ઓછાં કષ્ટ સહ્યાં છે? સંસારની ચારગતિમાં અનંતકાળ ભટક્યો એમાં સુખ માત્ર બિંદુ જેટલું જ મળ્યું છે. જ્યારે દુઃખના સાગર ઉભરાયા છે. હવે આ જન્મમાં શૂરવીર થઈ સંયમના કષ્ટ સહીશ.

માતાએ ઘણું ઘણું કહ્યું પણ એ બધું જાણે પત્થર ઉપર પાણી! હવે વારો આવ્યો કૃષ્ણવાસુદેવનો. એમણે મધુરવચને કહ્યું-ભાઈ તને રાજગાદીએ બેસાડી હમણાં જ ત્રણ ખંડમાં તારી આણ વર્તાવું છું.

ગજસુકુમાલ મૌન રહ્યા. કૃષ્ણ વગેરે સૌને આનંદ થયો. મહોત્સવપૂર્વક ગજસુકુમાલને રાજગાદીએ બેસાડી કૃષ્ણે કહ્યું-બંધુ! આજ્ઞા ફરમાવો—

ગજસુકુમાલે પણ આજ્ઞા ફરમાવી-મારી દીક્ષાના મહોત્સવની તૈયારી કરો. ભંડાર ખોલી ત્રણલાખનું નાણું કાઢો અને સંયમના ઉપકરણો લાવો. કૃષ્ણને આજ્ઞા સ્વીકારવી પડી. દીક્ષા મહોત્સવ માટે સેવકોને હુકમ કર્યો. માતા દેવકીએ પણ મન મનાવી લીધું. મુક્તિના મહામાર્ગે જતા પુત્રને હવે માતા દેવકી છેલ્લી એક જ વાત આશીર્વાદરૂપે કહે છે. પુત્ર! મને મૂકીને હવે આ સંસારમાં બીજી માતા ન કરવી પડે એવી અદ્ભુત આરાધના કરજે!

ગજસુકુમાલના હૈયે આનંદ સમાતો નથી. આજ મારો

ધન્ય દિવસ...મનોરથ ફળ્યો...સંયમના માર્ગે પુરુષાર્થ ફોરવી કર્મશત્રુનો નાશ કરીને જ જંપીશ...

દ્વારિકામાં આનંદ સાથે આશ્ચર્ય ફેલાયું, શું ગજસુકુમાલ સંયમના કઠોરપંથે જાય છે? એના દીક્ષામહોત્સવમાં કોણ ભાગ ન લે? દ્વારિકામાં મંગળગીતો શરૂ થયા. ગજસુકુમાલને ભવ્ય આડંબરપૂર્વક શ્રીનેમનાથપ્રભુ પાસે લાવવામાં આવ્યો.

કૃષ્ણ પ્રભુને કહે છે-નાથ! મારી માતા દેવકીનો અત્યંત પ્રિય પુત્ર ગજસુકુમાલ આપણી વાણી સાંભળી વિરાગી થયો છે માટે આપને સોંપુ છું. એને ચારિત્ર આપો.

પ્રભુએ ગજસુકુમાલને દીક્ષા આપી.

ગજસુકુમાલ મુનિવરને હિતશિક્ષા આપતા માતા-પિતા કહે છે-ચારિત્રરત્નને સારી રીતે સાચવજે! શુભધ્યાન સહેજ પણ ચૂકશો નહિ. ચઢતે પરિણામે સિંહની જેમ સંયમ પાળજે! પ્રભુની આજ્ઞાને મસ્તકે ચઢાવજે અને કર્મના કાતિલબંધનોને કાપી મોક્ષસુખના સ્વામી બનજે!

દેવકી નેમનાથપ્રભુને કહે છે-નાથ! મારૂં સર્વસ્વ આપને સોંપું છું. ગજસુકુમાલે આજસુધી સહેજ પણ દુઃખ જોયું નથી. દોગુંદકદેવોની જેમ સુખમાં જ એ મહાલ્યો છે. દેવ! એની સંભાળ લેજો.

ત્યારબાદ કૃષ્ણ, દેવકી વગેરે યાદવોનો પરિવાર વંદન કરી પાછો વળ્યો અને એ જ દિવસે સાંજે પ્રભુની આજ્ઞાથી મહાકાળ સ્મશાનમાં કાર્યોત્સર્ગધ્યાને રહી ગજસુકુમાલમુનિએ સમભાવે ઘોરઉપસર્ગ સહીને કલ્યાણ સાધી લીધું...!

"માથે પાળ કરી સગડી ધરી ભરિયા માંહિ અંગાર
ગજસુકુમાલે રે થીર મનનું સહ્યું તે પામ્યા ભવપાર"

લાગુ લાખેણી રે જાય હો માડી....!

'ભોગીભ્રમર મૃગાપુત્રને પૂર્વજન્મનું સ્મરણ થાય છે. પૂર્વે નાંખેલા સંયમના દૃઢસંસ્કારો અહિં જાગૃત થાય છે. અને એના અંતરમાં મોક્ષમાર્ગની કઠોર સાધનામાટે તાલાવેલી જાગે છે. માતા-પિતા સયંમમાર્ગના કષ્ટો વર્ણવી એને સંસારસુખમાં જકડી રાખવા પ્રયત્ન કરે છે પણ આખરે મૃગાપુત્રને જાગેલી સંયમની સાચી તાલાવેલી માતા-પિતાને પિગળાવી મૂકે છે. મૃગાપુત્ર સંયમમાર્ગમાં પ્રકૃષ્ટ પુરુષાર્થદ્વારા એ જ જન્મમાં કર્મના બંધનોને ભેદીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને છે'.

ઘટાદાર મોટા વૃક્ષોના ઉપવનો અને ક્રીડા કરવાના ઉદ્યાનોથી શોભતા તેમજ સમૃદ્ધિથી સુરમ્ય **સુગ્રીવનગરમાં બલભદ્ર** નામે રાજા હતો, એને **મૃગાવતી** નામે પટરાણી હતી. અને બલશ્રી નામે પુત્ર હતો પણ જગતમાં એ **મૃગાપુત્ર** નામથી પ્રસિદ્ધિ પામ્યો હતો. માતા-પિતાનો અતિપ્રિય એ રાજકુમાર ઘણા ગુણોથી યુક્ત હતો. પુરુષોની બહોંતેરકલામાં તે પારગામી હતો. માતા-પિતાએ એને પરણાવેલી બત્રીસ નારીઓ રૂપથી રંગથી અને વયથી એને અનુરૂપ હતી.

ભોગનું કોઈ ગજબ પુણ્ય લઈને આવેલો એ પુણ્યાત્મા દોગુંદકજાતિના દેવોની જેમ ભોગસુખમાં મગ્ન છે. **નંદન** નામના મહેલમાં પોતાની પ્રિયાઓ સાથે પાંચ ઈન્દ્રિયના મનોરમ વિષય સુખો તે ભોગવી રહ્યો છે. એકવાર રત્ને જડેલાં એ મહેલના ગોખમાં બેઠા બેઠા મૃગાપુત્ર નગરશોભા નીહાળી રહ્યો છે. ત્યાં મૃગાપુત્રને 'સંયમની સાક્ષાત્ મૂર્તિસમા મુનિવરના દર્શન થયાં. એકીટસે મૃગાપુત્ર મુનિવરને જોઈ રહ્યો છે! જોતાં જોતાં એને પોતાના પૂર્વજન્મના દર્શન થયા. અને એણે જોયું કે

પોતે દેવલોકમાંથી આવીને અહિં મનુષ્ય થયો છે અને તે પહેલાના પૂર્વજન્મમાં સાધુપણું આરાધીને આવ્યો છે. બસ, ભોગસુખમાં ગળાબૂડ ડૂબેલા મૃગાપુત્રને હવે ચારિત્ર પ્રત્યે ખૂબ પ્રીતિ જાગે છે. અને વિષયો પ્રત્યે ભારે નફરત છૂટે છે.

ક્ષણ પહેલા આનંદમાં મ્હાલતો, બત્રીશ રાણીઓથી વિંટળાઈને નિરાંતે બેઠેલો મૃગાપુત્ર એકદમ આકુળ-વ્યાકુળ બની ગયો. એ સડસડાટ કરતો મહેલના પગથીયા ઉતરી ગયો અને માતાના પગમાં પડી માતાને વિનવવા લાગ્યો, માતા! સાંભળો, મારી વાત, ધ્યાનપૂર્વક સાંભળજો. એક નાટકીયાની જેમ ચોરાશી-લાખ યોનિમાં હું નાચ નાચ્યો અને ખૂબ વિટંબણાઓ પામ્યો. માતા! હવે એ અનંત નાટકોનો મારે અંત લાવવો છે. પૂર્વ-જન્મમાં હું ચારિત્રની આરાધના કરીને આવ્યો છું અહિં કર્મે આ ભોગની ભૂતાવળ વળગાડી છે. ભૂલો પડી જત. એમાં, પણ સારૂં થયું. મુનિનું દર્શન થયું. પૂર્વજન્મનું સ્મરણ થયું અને પાંચમહાવ્રતના પાલનનો અમૃતસ્વાદ મને સાંભર્યો.

માતા! આ સુખોની પાછળ ભયંકરદુઃખો ડોકીયા કરી રહ્યા છે. માટે આ સુખોને લાત મારી ચારિત્રધર્મની આરાધના કરી સંસારસાગરનો પાર પામીશ.

માતા! હવે મારી એક એક ક્ષણ લાખેણી જાય છે. માટે શીઘ્ર અનુમતિ આપો. કિંપાકના ફળ જેવાં ભોગસુખો મેં ખૂબ ભોગવી લીધા છે. ભોગોનું પરિણામ કદી સુંદર આવ્યું નથી અને આવવાનું નથી. પાણીના પરપોટા જેવું આ ક્ષણ ભંગુર શરીર ઘરબાર માતા, પિતા, પુત્ર, પત્ની પરિવાર અને પરિગ્રહ બધું છોડીને વહેલું કે મોડું એકવાર

જવાનું તો છે જ. આપણે સમજીને નહિ છોડીએ તો એ આપણને અવશ્ય છોડી જશે. આપણે સ્વયં જો ત્યાગ કરીશું તો એ આપણા માટે દુઃખનું કારણ નહિ થાય બલ્કે સુખનું સોપાન થશે.

માતા! જંગલના માર્ગે ભાતુ લીધા વગર જનારો મુસાફર જેમ ભુખ-તરસથી પીડાય છે અને દુઃખી થાય છે તેમ ધર્મની આરાધના વિના આ માનવભવમાંથી પરલોકની મુસાફરીમાં જનારના બહુ બુરા હાલ થાય છે.

માતા! બળતા ઘરમાંથી ઘરનો માલિક ઘણી ઘણી મામુલી (અસાર) ચીજો પડતી મૂકી બહુ કિંમતી વસ્તુ લઈને ભાગતો થાય છે તેમ આ દુઃખના દાવાનળથી સળગતા સંસારમાં તુચ્છ કામભોગોને ત્યજી મારા મહામૂલા આત્માને ઉગારી લઈશ.

પુત્ર! સાધુપણું એ બહુ જ કઠિન વસ્તુ છે. સાધુ પુરુષે હજારો ગુણો મેળવવા પડે છે અને અગણિત કષ્ટો સહવા પડે છે. જીવનપર્યંત જીવમાત્ર પ્રત્યે સમાનભાવ ધરવો પડે. શત્રુ કે મિત્ર પ્રત્યે સમાન દૃષ્ટિ કેળવવી પડે. પ્રત્યેક ક્રિયામાં સૂક્ષ્મ પણ હિંસા ન થાય તેનું લક્ષ રાખવું પડે. આ સ્થિતિ ખરેખર! સૌ કોઈ માટે દુર્લભ છે. ભૂલે ચૂકે પણ અસત્ય બોલાય નહિ. ખૂબ સાવધાન રહી હિતકર અને સત્ય જ બોલાય. દાંત ખોતરવાની સળી જેવી ચીજ પણ માલિકની રજા સિવાય લેવાય નહિ અને દોષરહિત ભિક્ષા મેળવવી પડે. કામભોગનો જેણે રસ ચાખ્યો એને માટે અબ્રહ્મથી વિરક્ત રહેવું એ બચ્ચાના ખેલ નથી. ઘોર (અખંડ) બ્રહ્મચર્યનું પાલન ઘણું કપરું છે. કોઈ પણ વસ્તુ પર મમતા ન રખાય એ પણ એક કસોટી છે. અન્ન, પાણી, મેવો, મુખવાસમાંથી

કોઈનો રાત્રે ઉપયોગ ન થાય. સંગ્રહ ન કરી શકાય. વળી ભૂખ-તરસ, ટાઢ-તડકો, ડાંસ-મચ્છર, તાડન-તર્જન, કઠોરવચન, મલિન વસ્ત્ર, ભિક્ષાચર્યા, માગ્યા પછી પણ આપે તે જ લેવું, ન મળે તો ય આનંદ માનવો. આ કષ્ટો સહેવા સહેલા નથી. કુમાર! તું સુકોમળ છે. ભોગમાં તરબોળ છે. માટે સાધુપણું પાળવામાં તારૂં તો કામ જ નથી.

રેતીના કોળીયા જેટલા નિરસ છે તેટલો જ વિષયસુખ વિનાનો સંયમધર્મ નિરસ છે. યુવાનવયમાં સર્પની માફક એકાંત આત્મદષ્ટિથી શંકારહિતપણે ચારિત્રમાર્ગે ચાલવું એ ઉંચા હિમવંતપર્વતથી પડતી ગંગાનદીના સામા પૂરે જવા જેવું, તલવારની ધારપર ચાલવા જેવું, લોખંડના જવ ચાવવા જેવું, અગ્નિની ઝાળ પીવા જેવું, પવનનો કોથળો ભરવા જેવું અને ત્રાજવાથી મેરૂને તોલવા જેવું દુષ્કર કાર્ય છે. માટે પુત્ર! ભુક્તભોગી થઈને ચારિત્ર લેજે. હમણાં નહિ.

માતા! આપે કહ્યું તે સત્ય છે પરંતુ ભોગથી નિસ્પૃહ થયેલા માટે કશું જ દુષ્કર નથી. ચૌદરાજલોકના પરિભ્રમણ અટકાવવાની શક્તિ એક માત્ર સંયમધર્મમાંજ છે. આત્મા જાગી ગયા પછી અને સંસારના સુખો ભૂંડા લાગ્યા પછી કાયરતા ભાગે છે અને વીરતા પ્રગટે છે.

વળી જન્મ, જરા મરણથી ઘેરાયેલા આ સંસારમાં જન્મ-મરણની ભયંકર વેદનાઓ, શારીરિક અને માનસિક દુઃખો અનંતવાર સહ્યા અને નરકના ઘોર દુઃખો પણ વેઠ્યા. અહિંના અગ્નિ કરતાં અનંતગુણો ઉષ્ણ અગ્નિ નરકમાં છે. અહિંની ઠંડી કરતાં અનંતગુણી ઠંડી નરકમાં છે. એ શીતોષ્ણ વેદનાઓ કર્મયોગે પારવગરની મેં સહી. કંદુ નામની નરકકુંભી (નારકોનું

જન્મસ્થાન)માં કરૂણઆક્રંદ કરતો અને ઉંચા પગે અને નીચા મસ્તકે લટકતો રહ્યો. પરમાધામીદેવનિર્મિત ભડભડતા અગ્નિમાં અનેકવાર પકાવાયો. વેરાનભૂમિ જેવી અને વજ્જસમાન રેતીવાળી કદંબવાલુકાનદીમાં અનંતવાર શેકાયો. કુંભીઓમાં ઉંધા મસ્તકે લટકેલો કરવત વગેરે શસ્ત્રોથી કપાતો ગયો અને બરાડા પાડતો રહ્યો. અતિતીક્ષ્ણ કાંટાઓથી ભરેલા શાલ્મલી-વૃક્ષ સાથે પરમાધામીઓએ બાંધ્યો અને ઉંધો-ચત્તો ઘસડીને ખેંચ્યો. મોટા યંત્રોમાં શેલડીની માફક પીલાયો. બચાવો બચાવોની ચીસો પાડવા છતાં પરમાધામીદેવોએ છેદ્યો અને ભેદ્યો. તલવાર અને ભાલા વગેરે શસ્ત્રોથી શરીરના રાઈ રાઈ જેવડા ટુકડા કરી નાંખ્યાં. ભડભડ બળતી ધુસરીવાળા રથમાં પરવશપણે બળદની જેમ જોતરીને મર્મસ્થાનમાં પ્રહારો કરી મને ખૂબ માર મારવામાં આવ્યો. એ દેવોએ ગીધ, ઢંક વગેરે પક્ષીના રૂપ કરી લોઢા જેવી મજબૂત ચાંચોથી વલવલાટ કરીને કોચી નાંખ્યો. તરસથી ખૂબ પીડાઈને દોડતાં દોડતાં વૈતરણી નદી જોઈને પાણી પીવાની આશાએ તેમાં ય ઝંપલાવ્યું પણ ત્યાં અસ્ત્રાની ધારોથી ખૂબ ઘવાયો. અસીતમતાપથી પીડાઈને અસિપત્રવનમાં ઠંડક લેવા ઉપડ્યો તો ત્યાં તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાંદડાઓ શરીરપર પડવાથી છેદાયો, મુદ્ગર, મુષંઢી નામના શસ્ત્રો, શૂળો તથા સાંબેલાના ઘા કરી શરીરના અંગો ભાંગી નાખવામાં આવ્યા. છરીની તીક્ષ્ણ ધારથી શરીરની ચામડી ઉતારીને કાતરણીથી અનેકવાર કપાયો. નાના માછલાઓને ગળી જનાર મગરમચ્છ જેમ અસહાય માછલાઓને પકડે તેમ પરવશપણે ક્રૂરપરધામીઓથી પકડાયો, ફડાયો અને મરાયો. સુતાર જેમ ઝાડને છેદે અને છોલે તેમ પરમાધામીએ મને છેદ્યો અને છોલ્યો. છાતીફાટ રૂદન કરવા છતાં બળજબરીથી

તાંબુ, સીસુ વગેરે તપાવેલી ધાતુ પીવરાવતા ગયા અને આક્રોશ કરી કહેતા ગયા—રે અનાર્યકર્મ કરનારા! તને પૂર્વભવમાં માંસ બહુ પ્રિય હતું ને? લે-એમ કહી મારા શરીરમાંથી માંસના લોચા કાઢી અગ્નિમાં લાલચોળ તપાવીને મને ઘણીવાર બળાત્કારે ખવડાવ્યા. રે પાપી! તને દારૂ બહુ ભાવતો હતો ખરું? લે-એમ કહી મારું જ લોહી મને પીવડાવ્યું.

માતાજી! મનુષ્યલોકમાં દેખાતી જુદી જુદી વેદનાઓ નરકમાં અનંતગુણી તીવ્ર હોય છે. ભયભીત પણે, ઉદ્વેગ પામી તીવ્ર, અસહ્ય, પ્રચંડ અને ઘોર વેદનાઓ આ મારા જીવે સહન કરી. એક મટકું મારવા જેટલી પણ શાંતિ ત્યાં ન હતી. આ યાતનાઓ આગળ સંયમના કષ્ટ સાવ વામણા લાગે છે. અને સંયમના મામુલી કષ્ટ પાછળ અનંતસુખની પ્રાપ્તિ સુનિશ્ચિત છે.

માતા: પુત્ર! મેં તને નવ નવ મહીના પેટમાં ધારણ કર્યો. જન્મના દુ:ખ સહ્યા, સોનાના કચોળે દૂધ પાયા. કાચના વાસણની જેમ સાચવીને મોટો કર્યો. હવે શું તને અળખામણી થઈ? ના માતા! તું જરાય અળખામણી નહિ પણ વચમાં પડેલો મોહ અળખામણો થયો છે. કર્મશત્રુ સામે કરડી નજર થઈ છે. દુ:ખનો સર્વથા અંત લાવવો છે. તે સુખ છોડયા વિના કે મોક્ષના જબ્બર પુરુષાર્થ વિના કદી નહિ આવે.

માતા-પિતા: ભલે. તારી તીવ્ર ઇચ્છા છે તો ચારિત્ર લેજે પણ ત્યાં તારી સંભાળ કોણ કરશે? દુ:ખ આવી પડશે ત્યારે એના પ્રતિકારનો ઉપાય નહિ થાય.

મૃગાપુત્ર: આપની વાત સાચી છે. પણ જંગલમાં રહેતા પશુ પક્ષીઓની સાર સંભાળ કોણ લે છે? કોણ

રોગનું ઔષધ કરે છે? વનના એ હરણીઆઓની માફક સંયમના કષ્ટને ગણ્યા વિના સંયમધર્મમાં મસ્ત રહીશ. પુત્રનો વૈરાગ્ય જોઈ માતા-પિતાનું હૃદય પીગળી ગયું. પુત્રને ગમ્યું તે એમને પણ ગમ્યું. એમણે અનુમતિ આપી, બત્રીસે સ્ત્રીઓ પણ સંયત થઈ. દીક્ષાનો વરઘોડો કાઢી સૌ ઉપવનમાં પ્રભુ પાસે આવ્યા.

જેમ એક બળવાન હાથી બખતરને ભેદી નાંખે તેમ મૃગાપુત્રે સંસારના મમત્વને ભેદી નાખ્યું. વસ્ત્રને લાગેલી ધૂળ ખંખેરી નાંખે તેમ ધન, સમૃદ્ધિ, રાજ્ય, માતા, પિતા, પુત્ર, કલત્ર, મિત્ર આદિ સ્વજનોને ત્યજી મૃગાપુત્ર સંસારમાંથી નીકળી ગયો.

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણગુપ્તિ અને બાહ્યાભ્યંતર તપમાં મૃગાપુત્ર મહામુનિ મગ્ન બની ગયો. મમતા, અહંકાર, આસક્તિ છોડી ત્રસ-સ્થાવર જીવોને આત્મસમ ગણી વર્તવા લાગ્યો. લાભમાં કે અલાભમાં, સુખમાં, કે દુ:ખમાં, જીવનમાં કે મરણમાં, નિંદામાં કે સ્તુતિમાં અને માનાપમાનમાં સમવર્તી બન્યો. ત્રણ દંડ, ત્રણ શલ્ય, ચાર કષાય, હાસ્યાદિથી અને વાસનાથી નિવૃત્ત થઈ સ્વાવલંબી બન્યો. આ રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વિશુદ્ધભાવનાઓથી આત્માને નિર્મળ બનાવી અને એકમાસનું અણસણ કરી મૃગાપુત્ર મુનીશ્વર અજર અમર પદ પામ્યા...!

ગુરુતત્ત્વનું માહાત્મ્ય

ગુરુ આજ્ઞાના પાલનથી મોક્ષ મળે છે. ગુરુજનોની કૃપાથી અણિમાદિ આઠ પ્રકારની સિદ્ધિઓ સિદ્ધ થાય છે અને ગુરુભક્તિથી સાધક આત્માને સર્વ પ્રકારની વિદ્યાઓમાં અવશ્યમેવ સફળતા પ્રાપ્ત થાય છે.

ચારિત્ર એટલે શું ?

ચારિત્ર એટલે વેષનું પરિવર્તન, નામનું પરિવર્તન, અને આત્માનું પરિવર્તન. પાપોનો પ્રતિજ્ઞા પૂર્વક ત્યાગ, ઘર, માલ, મિલ્કત માતા પિતાદિ સ્વજન કુટુંબ રૂપ બાહ્ય સંસારનો ત્યાગ. રાગદ્વેષાદિ, કામક્રોધાદિ આંતર સંસારનો ત્યાગ. ચારિત્ર એટલે મહાવ્રતોનું પાલન, પંચાચારનું પાલન. સમિતિગુપ્તિનું પાલન, દસ પ્રકારના મહાન સાધુધર્મનું પાલન. સર્વથા નિષ્પાપ જીવન. બાવીસ પરીષહની તિતિક્ષા. માનાપમાનમાં સમદૃષ્ટિ, નિંદા-સ્તુતિમાં સમદૃષ્ટિ, સુખ દુઃખમાં સમદૃષ્ટિ. મોહને જબ્બર હાર, આત્માની મહાન જિત. મુક્તિની ઉત્કટ ઇચ્છા, મુક્તિ માટેનો અથાગ પુરુષાર્થ. સંવર-નિર્જરાની લખલૂંટ કમાણી, પુણ્યબંધની ઇચ્છા ન હોવા છતાં વિશિષ્ટ પુણ્યનો બંધ, ચારિત્ર એટલે આત્મરમણતા. આત્મગુણોમાં સ્થિરતા. ચય=ભેગું થયે... રિક્ત=ખાલી કરવું તે ચારિત્ર, અર્થાત્ આત્મમંદિરમાં ભેગ... થયેલા કર્મ-કચરાને ખાલી કરવાની પ્રક્રિયા તે ચારિત્ર. ચારિત્ર એટલે સર્વવિરતિ. સર્વવિરતિ એટલે સર્વપાપોથી સર્વથી પ્રતિજ્ઞા-પચ્ચક્ખાણ પૂર્વક પાછા હઠવું. અર્થાત્ હિંસા, જૂઠ વગેરે કોઇ પણ પાપ **મનથી** ન કરવું, ન કરાવવું, ન અનુમોદવું. **વચનથી** ન કરવું, ન કરાવવું, ન અનુમોદવું. **કાયાથી** ન કરવું, ન કરાવવુ, ન અનુમોદવું.

> **ગુરૂતત્ત્વનું માહાત્મ્ય**
>
> જેવી રીતે દર્દીઓના દુઃખને દૂર કરવાની ઇચ્છાવાળા દયાળુ વૈદ્ય તાવ વગેરે અનેક પ્રકારનાં રોગોથી પીડાતા લોકોને ઔષધ આપી નિરોગી બનાવે છે. એ જ રીતે અનેક પ્રકારના ભાવરોગથી ત્રાસી ગયેલા જીવોને ગુરૂ મ. જ્ઞાન-દર્શન - ચારિત્રરૂપ ઉત્તમ ઔષધ આપી આત્મ-ભાવ આરોગ્ય આપે છે. તેથી ગુરુમહારાજ પરમવૈદ્ય છે.

અણગારને વરેલી ૮૪ ઉપમાઓ :

સં. ૨૦૦૯ની સાલમાં અંધેરી (મુંબઇ)ના ચાતુર્માસમાં ...શ્રુત શ્રાવક શ્રેષ્ઠિવર્ય નગીનદાસ કરમચંદ સંઘવી મારી પાસે ...વિસ્તરા તથા **અનુયોગદ્વાર** સૂત્રનું શ્રવણ કરી રહ્યા ... અનુયોગદ્વારસૂત્ર વાંચતા મુનિના ભાવનિક્ષેપાનું વર્ણન ...નું, ઉરગગિરિ....શ્લોકમાં ભાવસાધુને આપેલી ભવ્ય ઉપમાઓ ...ળતાં સાંભળતાં એ પરમશ્રાવક ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. ...નું વાંચનમાં હતું. રૂદન સાંભળીને મેં પૂછ્યું-કેમ....ભાઇ! ...છે? એમણે કહ્યું-સાહેબ શ્રીજિનેશ્વરદેવે ફરમાવેલું કેવું ઉત્તમ ...સાધુપણું? ક્યારે આવું ઉત્તમ સાધુજીવન પામીશ? જિંદગી ...સારની મોહમાયામાં ઘસી નાંખી.... ત્યારથી મારા મનમાં ...આ ઉપમાઓ પ્રત્યે અહોભાવ જાગ્યો હતો. સહુ કોઇ આ ...ભવ્ય ઉપમાઓ જાણી સાધુધર્મના મર્મને સમજે એ ઇચ્છાથી તૈયાર કરેલો આ લેખ અહિં આપ્યો છે.

उरगगिरिजलणसागरनहतलतरुगणसमो अ जो होइ।
...मरमियधरणिजलरुहरविपवण समो अ जो समणो॥

—अनुयोगद्वारसूत्र

પરમતારક શ્રીતીર્થંકરદેવના મુનિઓ સર્પ જેવા છે. **પર્વત** જેવા છે. અગ્નિ જેવા છે. **સાગર** જેવા છે. **આકાશ** જેવા છે. વૃક્ષ જેવા છે. **ભ્રમર** જેવા છે. હરણ જેવા છે. **પૃથ્વી** જેવા છે. કમળ જેવા છે. **સૂર્ય** જેવા છે અને પવન જેવા છે.

૧. સર્પની ઉપમા :

(૧) સર્પ જેમ પોતાને માટે બિલ બનાવે નહીં પણ ...ઉંદર વગેરેએ બનાવેલ બિલમાં રહે તેમ સાધુ પોતાને રહેવા

માટે ઘર-મકાન કરે નહિ, કરાવે નહિ અને કરેલાની અનુમોદના પણ કરે નહિ, પરંતુ ગૃહસ્થે પોતાને માટે બનાવેલા નિર્દોષ મકાનમાં આજ્ઞા લઈને રહે.

(૨) અગંધન કુલના સર્પો વમેલા વિષને પાછું ગ્રહણ કરતા નથી. તે રીતે મુનિ પણ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, આ પાંચે ઇન્દ્રિયોના વિષયોને ત્યજીને ફરી એની અભિલાષા કરતા નથી.

(૩) સર્પ જેમ બિલમાં સીધીરીતે પ્રવેશે તેમ મુનિ મોક્ષમાર્ગમાં સીધી રીતે ચાલે.

(૪) સર્પ જેમ બિલમાં પ્રવેશ કરતાં વાંકો ચૂકો જાય નહિ, જાય તો છોલાઈ જાય માટે સીધે સીધો જાય તેમ મુનિ અનાસક્તિથી આહાર લે. એક જડબામાંથી-દાઢમાંથી બીજા જડબામાં-દાઢમાં આહાર ફેરવે નહિ.

(૫) જેમ સર્પ કાંચળી ઉતાર્યા પછી ગ્રહણ કરે નહિ તેમ મુનિ પુત્ર-કલત્રાદિ કુટુંબરૂપ કાંચળી ઉતાર્યા પછી એને સરાગદ્રષ્ટિથી ગ્રહણ કરે નહિ.

(૬) સર્પ કાંટા વગેરેથી ડરે નહિ પણ એકાગ્ર દ્રષ્ટિથી જોઈને ચાલે તેમ મુનિ પણ પરીષહ ઉપસર્ગથી ડરે નહિ. ઈર્યાસમિતિપૂર્વક જયણાથી ચાલે.

(૭) સર્પ, મયૂર વગેરે પક્ષીઓથી ભય પામે છે તેમ મુનિ પોતાના ચારિત્ર-પ્રાણની રક્ષા માટે દર્શન ભ્રષ્ટ આત્માઓ તથા સ્ત્રીઓ આદિથી ભયભીત રહે છે.

૨. પર્વતની ઉપમા :

(૧) પર્વત જેમ અનેક ઔષધિઓથી શોભે છે તેમ

૨. પર્વતની ઉપમા :

(૧) પર્વત જેમ અનેક ઔષધિઓથી શોભે છે તેમ મુનિ પણ જ્ઞાન દર્શન ચારિત્રથી પ્રાપ્ત અનેક પ્રકારની ચમત્કારિક લબ્ધિઓથી શોભે છે.

(૨) પર્વત જેમ પ્રચંડ પવનથી પણ ચલાયમાન થતો નથી તેમ મુનિ પરીષહ-ઉપસર્ગથી કદી ચલિત થતો નથી.

(૩) પર્વત, પશુ પંખી વગેરે અનેક જીવોને સુખ અને શાતા આપે છે. તેમ મુનિવર પણ પોતાના આશ્રયે રહેલા શિષ્યાદિ ચતુર્વિધ સંઘને જિનવચનામૃતનું પાન કરાવી શાતા આપે છે.

(૪) જેમ નદીના નિર્મળ ઝરણાઓથી પર્વત શોભે છે તેમ મુનિ પણ સપ્તભંગી, સપ્તનય વગેરેના ઉપદેશરૂપી નદી-ઝરણાઓથી શોભે છે.

(૫) પર્વત સૌથી ઊંચો હોય છે તેમ મુનિની ભાવનાઓ પણ ઉચ્ચ કક્ષાની હોય છે.

(૬) પર્વત જેમ સ્ફટિક, રત્નો, સુવર્ણ વગેરેની ખાણોથી શોભે છે. તેમ મુનિ ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિકાદિ ભાવોથી શોભે છે.

(૭) પર્વત જેમ દેવતાઓને ક્રીડા કરવાનું સ્થાન છે તેમ મુનિ શિષ્યાદિ ભવ્યજીવોને જ્ઞાનક્રીડા કરવાનું સ્થાન છે.

૩. અગ્નિની ઉપમા :

(૧) અગ્નિ ગમે તેટલા લાકડા-ઘાસ વગેરેથી પણ કદી તૃપ્ત થાય નહિ, તેમ મુનિ ગમે તેટલું શ્રુત ભણે તો પણ તૃપ્ત થાય નહિ. સદા જ્ઞાન-ધ્યાનનું સેવન કર્યા કરે છે.

નવું શ્રુત ઉપાર્જન કરવામાં ઉદ્યમશીલ રહે છે.

(૨) અગ્નિ તેજથી તેજવંત હોય છે તેમ મુનિ તપશ્ચર્યાદિથી તેજસ્વી હોય છે. તેજોલેશ્યા, પુલાકલબ્ધિથી ઉદ્યોત કરનારા હોય છે.

(૩) અગ્નિ સૂકી-લીલી સર્વ કાષ્ઠાદિક વસ્તુઓને બાળી નાંખે છે, તેમ મુનિ પણ ધ્યાનરૂપી અગ્નિથી સઘળા નિકાચિત (મંદ નિકાચિત) કર્મરૂપી લાકડાને બાળીને ભસ્મ કરે છે.

(૪) અગ્નિ અંધકાર દૂર કરી પ્રકાશ કરે છે તેમ મુનિ મિથ્યાત્વરૂપી અંધકાર દૂર કરી સમ્યક્ત્વરૂપી દીપકનો પ્રકાશ કરે છે.

(૫) જેમ અગ્નિ સુવર્ણાદિને લાગેલા કાટ-કચરાને દૂર કરે છે. તેમ મુનિ મિથ્યાત્વમોહાદિ કર્મ-કચરાને દૂર કરે છે.

(૬) અગ્નિ સુવર્ણ વગેરેને સ્વચ્છ કરે છે તેમ મુનિ પોતાના આત્માને સ્થિરતા, સમતા તથા ઉપયોગદશાથી શુદ્ધ કરે છે.

(૭) અગ્નિ જેમ ઈંટ-વાસણ વગેરે કાચી વસ્તુને પાકી બનાવે છે. તેમ મુનિ સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રથી શિષ્ય આદિ ભવ્યજીવોને મોક્ષમાર્ગમાં મજબૂત-સ્થિર કરે છે. પરિપક્વ બનાવે છે.

૪. સમુદ્રની ઉપમા :

(૧) સમુદ્ર ગંભીર હોય છે તેમ મુનિ ગંભીર હોય છે, કોઈના ય દોષ પ્રગટ કરતા નથી.

(૨) સમુદ્ર જેમ અનેક રત્નોની ખાણ છે તેમ મુનિ જ્ઞાનાદિગુણ રત્નોના આકર (રત્નાકર) છે.

(૩) સમુદ્ર કદી મર્યાદાનું ઉલ્લંઘન કરે નહિ તેમ મુનિ, શ્રીતીર્થંકર ભગવંતની આજ્ઞારૂપ મર્યાદાનું કદી ઉલ્લંઘન કરે નહિ.

(૪) સઘળી નદીઓ ચારે બાજુથી આવી મળવા છતાં સમુદ્ર જરાય ઉછળતો નથી તેમ મુનિ શ્રીતીર્થંકરદેવની વાણી સાંભળે, શાસ્ત્રાધ્યયન કરે, ચારે અનુયોગનું જ્ઞાન સંપાદન કરે છતાં લેશપણ અભિમાનથી ઉછળે નહિ.

(૫) સમુદ્ર ગમે તેવા મચ્છ કચ્છાદિના તોફાનથી ક્ષુબ્ધ ન થાય, તેમ મુનિ ગમે તેવા પ્રસંગે પણ ક્રોધાદિથી ઉછળે નહિ. કદાચ ક્રોધ આવી જાય તો દબાવી દે. ક્રોધને નિષ્ફળ બનાવે.

(૬) જેમ સમુદ્ર સુંદર કલ્લોલ-મોજાઓથી સહિત હોય છે. તેમ મુનિ સ્વ-પર શાસ્ત્રજ્ઞાનના કલ્લોલથી યુક્ત હોય છે.

(૭) સમુદ્ર પરમ શીતળ હોય છે, તેમ મુનિ ક્ષમારૂપી જળથી શીતલ-શાંત હોય છે.

૫. આકાશની ઉપમા :—

(૧) આકાશ નિર્મળ હોય છે, તેમ મુનિના પરિણામ-અધ્યવસાય નિર્મળ-પવિત્ર હોય છે.

(૨) આકાશ વિના-આલંબને અદ્ધર રહે છે તેમ મુનિ કોઈના આધાર-અપેક્ષા વગર જીવન જીવે છે.

(૩) આકાશ જીવાદિ પાંચદ્રવ્યનું ભાજન છે તેમ મુનિ પાંચ મહાવ્રતોનું ભાજન છે.

(૪) આકાશ પાણીથી ભીંજાય નહિ, તેમ મુનિને નવા આશ્રવનો લેપ લાગે નહિ. મુનિ નિંદા-સ્તુતિથી લેપાય કે મુંઝાય નહિ.

(૫) આકાશ અરૂપી છે. તેમ મુનિ પણ નિશ્ચયથી આત્માને અરૂપી માને છે.

(૬) જેમ આકાશ અનંત છે તેમ મુનિ જ્ઞાનાદિ ગુણથી અનંત છે.

(૭) આકાશ શુભાશુભ આવેશ પ્રતિ રાગદ્વેષ કરે નહિ તેમ મુનિ ઉદયમાં આવેલા પોતાના શુભાશુભ કર્મો કે બાહ્ય નિમિત્તો પ્રત્યે રાગ-દ્વેષ કરે નહિ.

૬. વૃક્ષની ઉપમા :—

(૧) વૃક્ષ શીત-તાપાદિ કષ્ટો સહે છે તેમ મુનિ પણ શીત-તાપાદિ પરીષહો સહન કરે છે.

(૨) વૃક્ષ પુષ્પ, ફળાદિ આપે છે, તેમ મુનિ શ્રુત અને ચારિત્ર રૂપ ફળો આપે છે.

(૩) વૃક્ષના આશ્રયથી પક્ષીઓ વગેરે ઘણા જીવો શાતા પામે છે, તેમ મુનિનો આશ્રય પામીને કષાયાદિથી સંતપ્ત જીવો શાતા પામે છે.

(૪) જેમ વૃક્ષને કોઈ છેદે ભેદે તોય તે કોઈ આગળ કહેતું-ફરિયાદ કરતું નથી. તેમ મુનિ પણ કોઈ નિંદા હીલના કરે તોય કદી કશી ફરિયાદ કરે નહિ પણ પ્રસન્નભાવે સહન કરે.

(૫) વૃક્ષને કોઈ ચંદનાદિ સુગંધીદ્રવ્યનું વિલેપન કરે તો વૃક્ષ હર્ષ પામે નહિ તેમ મુનિને કોઈ ચંદનાદિથી વિલેપન કરે અર્થાત્ અનુકૂળ ભક્તિ કરે તો પણ હર્ષ પામે નહિ, શાતાગારવ ધારણ કરે નહિ.

(૬) વૃક્ષને જલ સિંચવાથી તે પુષ્પ-ફળાદિ આપે છે,

(૭) જેમ વૃક્ષ વેલાઓને ઉંચે ચઢવા આલંબન આપે છે તેમ મુનિ ચતુર્વિધસંઘને આત્માના ઉર્ધ્વીકરણ માટે આલંબન આપે છે.

૭. ભ્રમરની ઉપમા :—

(૧) જેમ ભ્રમર બગીચામાં પુષ્પાદિકમાંથી સુગંધ-રસ ગ્રહણ કરવા છતાં પુષ્પને કિલામણા કરતો નથી અને પોતાના આત્માને સંતોષે છે, તેમ મુનિ પણ ગ્રામ-નગરાદિમાં વૃક્ષ સમાન જે ઘરો, તેમાં પુષ્પ સમાન ગૃહસ્થ-દાતારની પાસેથી સુગંધ-રસ સમાન અશન વગેરે ગ્રહણ કરે છે. પણ ભ્રમરની જેમ કોઈને કિલામણા ઉપજાવતા નથી.

(૨) ભ્રમર પુષ્પ ઉપર સુગંધ-રસ લેવા બેસે છે. પણ પુષ્પ ઉપર પ્રતિબંધ-રાગ ભાવ પામતો નથી, તેમ મુનિ પણ આહારાદિ માટે ગૃહસ્થના ઘેર જાય પણ ત્યાં રાગાદિ ભાવને પામતો નથી. રાગરૂપ સ્નેહ સંબંધને બાંધતો નથી.

(૩) ભ્રમર જેમ પુષ્પ ઉપર ગુંજારવ કરે છે, તેમ મુનિ ગામેગામ વિહાર કરી ચતુર્વિધ સંઘરૂપી પુષ્પ ઉપર ધર્મ દેશના રૂપી ગુંજારવ કરે છે.

(૪) ભ્રમર જેમ આહારાદિકનો સંગ્રહ કરે નહિ, તેમ મુનિ અશન-પાન કે વસ્ત્રાદિકનો સંગ્રહ કરે નહિ, શાસ્ત્ર મર્યાદા ઉપરાંત રાખે નહિ.

(૫) જેમ ભ્રમર સુગંધ લેવા પુષ્પ ઉપર વગર બોલાવ્યો જાય તેમ મુનિ ગૃહસ્થને ત્યાં વગર બોલાવ્યે પણ ગોચરી જાય.

(૬) જેમ માળીએ બનાવેલી પુષ્પવાડીમાં ભ્રમર સુગંધ

લેવા જાય, તેમ મુનિ પણ ગૃહસ્થોએ પોતાને માટે બનાવેલા આહારમાંથી ગોચરી કે મધુકરવૃત્તિથી ભિક્ષા લેવા માટે જાય.

(૭) ભ્રમર કેતકી, માલતી, કેવડાદિ ઉપર વારંવાર જાય છે. તેમ મુનિ પણ શ્રદ્ધાળુ ધર્મી પુરૂષો હોય ત્યાં વારંવાર જાય, તેવા ક્ષેત્રોમાં વિહાર કરે.

૮. મૃગની ઉપમા :

(૧) જેમ મૃગ જંગલમાં એકલો વિચરે, તેમ મુનિ પૃથ્વીતલ ઉપર ભાવથી એકાકી (અપ્રતિબદ્ધપણે) વિચરે છે.

(૨) જેમ મૃગ હંમેશ એક સ્થાનમાં રહેતું નથી તેમ મુનિ પણ સદા એક સ્થાનમાં રહેતા નથી.

(૩) જેમ મૃગ સિંહાદિથી ભયભીત રહે છે તેમ મુનિ પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન રહે છે.

(૪) શિકારીના ભયથી જેમ મૃગ ઝાડીમાં સંતાઈ જાય છે, તેમ અસંયમના ભયથી મુનિ ગુપ્તિપૂર્વક ગુરૂકુલવાસમાં રહે છે.

(૫) જેમ મૃગ તૃણાદિ નિર્દોષ (માંસ વગેરેની અપેક્ષાએ નિર્દોષ) ખોરાક ઉપર જીવન ચલાવે છે, તેમ મુનિ પણ ૪૨ દોષથી રહિત ભિક્ષાવડે સંયમજીવનને ટકાવે છે.

(૬) જેમ મૃગ નિર્મળ સરોવરમાંથી સરોવરના કાંઠે રહી પાણીને બગાડ્યા-ડહોળ્યા વિના જ જલપાન કરે છે, તેમ મુનિ ગૃહસ્થો પાસેથી તેમને હરકત ન આવે એ રીતે આહારાદિ ગ્રહણ કરે છે.

(૭) મૃગનો સ્વભાવ સરળ-ભદ્રિક હોય છે તેમ મુનિ પણ સરળ સ્વભાવવાળા (નિષ્કપટ) હોય છે.

૯. પૃથ્વીની ઉપમા :—

(૧) જેમ પૃથ્વી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, તિર્યંચ, મનુષ્ય, દેવાદિના કૂપ-ખડાઈ, દહન, પચન, શોષણ વગેરે સહન કરે છે, તેમ મુનિ પરીષહાદિ કષ્ટોને સહન કરે છે.

(૨) પૃથ્વી ધન-ધાન્યાદિ સહિત હોય છે તેમ મુનિ જ્ઞાનાદિ ઋદ્ધિ સહિત હોય છે.

(૩) જેમ પૃથ્વી શાલિ ઘઉં વગેરે અનેક ધાન્યોની ઉત્પત્તિ કરે છે, તેમ મુનિ આત્મભૂમિમાં જ્ઞાનાદિ અનેક પ્રકારના ગુણોની ઉત્પત્તિ કરે છે.

(૪) પૃથ્વી જેમ ઝેરનું શોષણ કરી અમૃત આપે છે, તેમ મુનિ અપરાધી જીવના અપરાધોની ઉપેક્ષા કરી ઉપકાર કરે છે.

(૫) પૃથ્વી છેદાય, ભેદાય તો પણ કોઈ આગળ ફરિયાદ કરે નહિ તેમ મુનિ પણ કોઈ ઉપસર્ગ, નિંદા, અવહેલના કરે તો કોઈની આગળ દીનતાદિ કરે નહિ.

(૬) પૃથ્વી કાદવ, કચરો વગેરેને સૂકવી નાંખે છે તેમ મુનિ કામ-ભોગની વાસનારૂપ કાદવને સૂકવી નાંખે છે.

(૭) પૃથ્વી જેમ વૃક્ષાદિકને આધારરૂપ છે. તેમ મુનિ આશ્રયાર્થી જીવોને આધારરૂપ છે.

૧૦. કમળની ઉપમા :—

(૧) કમળ કાદવમાં ઉગે, જળથી વધે અને કાદવ તેમજ જળને છોડી અલગ રહે છે. તેમ મુનિ પણ કર્મ કાદવમાં ઉત્પન્ન થાય છે. ભોગ જળથી વધે છે. છતાં તે બંનેને છોડી અલગ રહે છે. અલિપ્ત હોય છે.

(૨) જેમ કમલ વેલાઓને સુગંધથી વાસિત કરે છે. તેમ મુનિ જ્ઞાન, શ્રદ્ધા અને વિરતિરૂપ સુગંધથી પૂર્વર્ષિઓને શાસનને ઉજ્જવલ બનાવે છે.

(૩) જેમ કમળો ચંદ્ર-સૂર્યથી વિકસ્વર થાય તેમ મુનિ લઘુકર્મી શ્રોતાદિ ભવ્યને જોઈ આનંદ પામે.

(૪) જેમ કમલ સુગંધથી સુવાસિત હોય છે તેમ સાધુ સ્વભાવરમણતાદિ ગુણોથી સ્વયં સુગંધિત હોય છે.

(૫) કમલ પોતાની કાંતિથી દેદિપ્યમાન હોય છે તેમ મુનિ જ્ઞાન-ધ્યાન-તપ-તેજની કાંતિથી દેદિપ્યમાન રહે છે.

(૬) જેમ કમલ નિર્મલ-ઉજ્વલ હોય છે તેમ મુનિ ધર્મધ્યાન, શુક્લધ્યાન વડે નિર્મલ-ઉજ્વલ હોય છે.

(૭) જેમ કમલ સૂર્ય-ચંદ્ર સન્મુખ રહી ખીલે છે તેમ મુનિ હંમેશ આચાર્ય, ઉપાધ્યાય, બહુશ્રુતની સન્મુખ-સાપેક્ષ રહી વિકાસ સાધે છે.

૧૧. સૂર્યની ઉપમા :—

(૧) સૂર્ય પોતાના પ્રકાશથી સમગ્ર પૃથ્વીમંડલને પ્રકાશિત કરે છે, તેમ જિનઅણગાર-મુનિ સમ્યગ્જ્ઞાનના મહાપ્રકાશ વડે અતીન્દ્રિય એવા ધર્માસ્તિકાય આદિ પદાર્થમય સમગ્ર લોકને પ્રકાશિત કરે છે.

(૨) સૂર્ય જેમ પોતાના તેજથી દીપ્તિમાન છે તેમ મુનિ તપના તેજથી દીપે છે.

(૩) જેમ સૂર્યથી સૂર્યવિકાસી કમળોની સૌંદર્ય સંપત્તિ ખીલી ઉઠે છે તેમ મુનિથી ભવ્ય જીવરૂપ કમળોની જ્ઞાનાદિ આત્મલક્ષ્મી વિકાસ પામે છે.

(૪) જેમ સૂર્ય રાજા કે રંક સૌને સમાનરીતે પ્રકાશ આપે છે તેમ મુનિ રાજા હોય કે રંક સૌને ભેદભાવ વિના ધર્મદેશના આપે છે.

(૫) જેમ સૂર્ય પોતાના હજારો કિરણોથી શોભે છે, તેમ મુનિ હજારો શીલાંગોથી શોભે છે.

(૬) જેમ સૂર્ય પોતાના આતાપથી જલ, કાદવ અને અશુચિને સૂકવી નાંખે છે, તેમ મુનિ બાર પ્રકારના તપરૂપ આતાપથી કર્મકલેશ અને વિભાવરૂપ જલ-કાદવ અને અશુચિને સૂકવી નાંખે છે.

(૭) સૂર્ય જેમ મેરૂપર્વતને નિત્ય પ્રદક્ષિણા આપે છે, તેમ મુનિ શ્રીવીતરાગભગવાનની આજ્ઞાને અનુકૂળ રહી જીવન જીવે છે.

૧૨. પવનની ઉપમા :—

(૧) પવન જેમ આરોગ્યવર્ધક હોય છે તેમ મુનિ લોકોના ભાવ-આરોગ્ય (જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રય)માં વૃદ્ધિ કરે છે.

(૨) જેમ પવન દુર્ગંધને દૂર કરે છે. તેમ મુનિ ભવ્ય-જીવોની પાપની દુર્ગંધને દૂર કરે છે.

(૩) જેમ વેગવાન પવન વૃક્ષોને ઉખેડીને ફેંકી દે છે, તેમ મુનિ ધ્યાનાવેગવડે કર્મ-વૃક્ષોનું ઉન્મૂલન કરે છે.

(૪) જેમ પવન શ્રીજિનમંદિરો ઉપરની ધજાને આકાશમાં ફરકાવે છે, તેમ મુનિ શાસનની જયપતાકાને જગતમાં લહેરાવે છે.

(૫) જેમ પવન પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને

આનરૂપે થઈને દેહને ધારણ કરે છે તેમ મુનિ જ્ઞાન-દર્શન ચારિત્ર-તપ અને વીર્યરૂપે પરિણમીને આત્મસ્થિતિને ધારણ કરે છે.

(૬) જેમ પવન અપ્રતિબદ્ધપણે સર્વત્ર વાય છે, તેમ મુનિ પણ અપ્રતિબદ્ધ વિહારી હોય છે.

(૭) જેમ પવન સતત વહનશીલ છે, તેમ મુનિ પણ મોક્ષમાર્ગમાં સદા વહેતા (પ્રવૃત્ત) હોય છે.

ગુરુતત્ત્વનું માહાત્મ્ય

જેમ દીવો પ્રકાશ શક્તિથી પોતે પ્રકાશિત થવા સાથે અન્ય પદાર્થોને પણ પ્રકાશિત કરે છે. તેમ ગુરૂ પણ જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધનાથી મોહના અંધકારનો નાશ કરી ઉપાદાનભાવે પોતાના આત્માને તથા નિમિત્તભાવે અન્ય આત્માઓને પ્રકાશ આપે છે. આ રીતે ગુરૂ ભાવ દીપક હોવાથી વિશેષ રીતે પૂજનીય છે.

આત્મા, પરલોકાદિ વાસ્તવિક વસ્તુઓને નહિ માનતા હોવાથી, અત્યંત પાપ મતિથી હણાયેલા હોવાથી, અત્યંત દુષ્ટ વાસનાઓ અને અકકડ પણાથી ધીઠા બનેલા અને સ્વેચ્છા મુજબ નિર્લજ્જપણે વર્તનારા પરદેશી રાજા વગેરે પુરુષો, કેશી ગણધર વગેરે ગુરૂઓના આલંબનથી દોષમુક્ત બન્યા અને પુણ્યપ્રકર્ષવાળી ઉત્તમ દેવગતિ પામ્યા. માટે પાપની પરંપરાને અટકાવનાર ગુરૂ જ શરણ કરવા યોગ્ય છે.

चारित्रमनोरथमाला

केसिं (चि) सउन्नाणं, संवेगरसायणं पवन्नाणं।
उत्तमगुणाणुराया, सत्ताणं फुरइ इय चित्ते ॥१॥
कइआ संविग्गाणं, गीयत्थाणं गुरूण पयमूले।
सयणाइसंगरहिओ, पव्वज्जं संपवज्जिस्सं? ॥२॥
सावज्जजोगवज्जण-पउणो अणवज्जसंजमुज्जुत्तो।
गामागराइएसुं, अप्पडिबद्धो य विहरिस्सं? ॥३॥
अणवरयमविस्सामं, कइया नियभावणासुपरिसुद्धं।
दुद्धरपंचमहव्वय-पव्वयभारं धरिस्सामि? ॥४॥
कइआ आमरणंतं, घनमुणिनिसेवियं च सेविस्सं।
निस्सेसदोसनासं, गुरुकुलवासं गुणावासं? ॥५॥

* સંવેગરસાયણ—મોક્ષાભિલાષને પામેલા કેટલાક પુણ્યવાન આત્માઓના ચિત્તમાં ઉત્તમગુણોના અનુરાગને લીધે આવા વિચારો સ્ફૂરે છે. ૧.

* ક્યારે હું સ્વજનાદિના સંગથી મુક્ત બની, સંવિગ્ન અને ગીતાર્થ ગુરૂમહારાજના ચરણકમલમાં સંયમ સ્વીકારીશ. તેમજ સાવદ્યયોગનો ત્યાગકરવામાં અને અનવદ્યયોગમાં પ્રયત્નશીલ બની ક્યારે ગામનગરાદિ સ્થાનોમાં અપ્રતિબદ્ધપણે વિહાર કરીશ? ૨-૩.

* ક્યારે હું આરામનો ત્યાગ કરી અધ્યાત્મભાવથી ભાવિત થઈ દુર્ધર મહાવ્રતોના મેરૂ જેવા ભારને ઉપાડીશ? ૪.

* ક્યારે હું સમગ્ર દોષોનો નાશ કરનારા, ઉત્તમ મુનિવરોએ સેવેલા અને ગુણના ધામરૂપ ગુરૂકુલવાસને જીવનપર્યંત સેવીશ? ૫.

कइया सारणवारण-चोयणपडिचोयणाइसम्ममहं।
कंमि वि पमायखलिए, साहूहिं कयं सहिस्सामि? ॥६॥
अतुरियमचवलमसंभम-वक्खेवविवज्जिओ कया मग्गे।
जुगमित्तनिहियदिट्ठी, पुरओ इरियं विसोहिस्सं? ॥७॥
मियमहुरं अणवज्जं, कइया कज्जे वयं वइस्सामि?।
सोहिस्सामि य कइया, बायालीसेसणादोसे? ॥८॥
पडिलेहिय सुपमज्जिय, उवगरणायाणमोयणे कइया।
सुनिरिक्खिय सुपमज्जिय, थंडिलखेलाइपरिट्ठवणं? ॥९॥
मणवयकायाण कया, कुसलाण पवत्तणेण इयराण।
संमं नियत्तणेणं, तिगुत्तिगुत्तो भविस्सामि? ॥१०॥

* નાના મોટા પ્રમાદની સ્ખલનામાં બીજા સાધુભગવંતોએ કરેલી સારણા, વારણા, ચોયણા, પડિચોયણાને મનમાં સહેજ પણ ખેદ પામ્યા વિના ખૂબ સારી રીતે હર્ષપૂર્વક ક્યારે હું સહન કરીશ? ૬.

* ક્યારે હું વ્યાકુળતા, ચપળતા અને સંભ્રમ રહિત તેમજ વ્યાક્ષેપ રહિત બનીને રસ્તામાં યુગપ્રમાણ દૃષ્ટિ રાખીને ઇર્યાનિ શોધીશ? ઇર્યાસમિતિનું પાલન કરીશ? ૭.

* ક્યારે હું પ્રયોજન હોય ત્યારે જ અને તે પણ મિત મધુર અને નિરવદ્ય વચન બોલીશ? તેમજ એષણાના (ગોચરીના) ૪૨ દોષનો ત્યાગ કરીશ? ૮.

* ક્યારે હું બરાબર દૃષ્ટિપડિલેહણ કરી, સરસરીતે પ્રમાર્જન કરી દરેક ઉપકરણ લઈશ અને મૂકીશ તેમજ મળ, મૂત્ર, શ્લેષ્મ વગેરેને જંતુરહિત ભૂમિપર ઉપયોગ પૂર્વક પરઠવીશ? ૯.

* ક્યારે હું મન, વચન, કાયાની અકુશળપ્રવૃત્તિને રોકી એને કુશળ પ્રવૃત્તિમાં જોડી ત્રણગુપ્તિથી ગુપ્ત થઈશ? ૧૦.

विच्छिन्नविसयवंछो, देहविभूसाइवज्जिओ कइया।
परिजुन्नमयलवत्थो, सामन्नगुणे धरिस्सामि? ॥११॥
कइया कालविहाणं, काउं आयंबिलाइतवोकम्मं।
कयजोगो जुग्गसुयं, अंगोवंगं पढिस्सामि? ॥१२॥
कइया पकप्पपणकप्प-कप्पववहारजीयकप्पाई।
छेयसुयं सुयसारं, विसुध्दसध्दो पढिस्सामि ॥१३॥
सीलंगसंगसुभगो, अणंगभंगम्मि विहियसंसग्गो।
चंगसंवेगरंगो, कया रमिस्सामि निस्संगो ॥१४॥
परदूसणपरिमुक्को, अत्तुकरिसम्मि विमुहपरिणामो।
दसविहसामायारी-पालणनिरओ कया होहं? ॥१५॥

* ક્યારે હું વિષયપિપાસા રહિત બની, દેહવિભૂષા છોડી, જુના અને મલિન વસ્ત્રવાળો થઈ સાધુતાના ગુણો ધારણ કરીશ? ૧૧.

* ક્યારે હું કાલગ્રહણ લઈ, આયંબિલાદિ તપવડે યોગવહન કરી અંગ અને ઉપાંગ શાસ્ત્રોનું અધ્યયન કરીશ? ૧૨.

* ક્યારે હું વિશુદ્ધ શ્રદ્ધાવાળો થઈ પ્રકલ્પ (નિશીથ), પંચકલ્પ, કલ્પ (બૃહત્કલ્પ), વ્યવહારસૂત્ર અને જિતકલ્પાદિક, શ્રુતના સારભૂત છેદસૂત્રોને ભણીશ? ૧૩

* ક્યારે અઢારહજાર શીલાંગના સંગથી સુભગ, કર્મના નાશ માટે પ્રયત્નશીલ અને સંવેગના સુંદરરંગથી રંગાયેલો હું નિસંગદશાએ વિહરીશ? ૧૪.

* ક્યારે હું પરદોષદર્શનથી પર બની, સ્વગુણોત્કર્ષથી (પોતાના ગુણોની બડાઈથી) વિમુખ રહી દશપ્રકારની સામાચારીના પાલનમાં લીન બનીશ? ૧૫.

सहमाणो य परीसह-सित्तं नीउच्चमज्झिमकुलेसुं।
लद्धावलद्धवित्ती, अन्नायउंछं गवेसिस्सं? ॥१६॥
रागद्दोसविउत्तो, संजोयणविरहिओ कया कज्जे।
पन्नगविलोवमाए, भुंजिस्सं सम्मुवउत्तो? ॥१७॥
सुत्तत्थपोरिसिपरो, जुत्तो य समत्तजीयकप्पेहिं।
मासकप्पेण कया, विहरिस्सं उज्जुयविहारो? ॥१८॥
परपरिवायविरत्तो, समचित्तो सत्तुमित्तसत्तेसु।
कइया विगहारहिओ, सज्झायपरो भविस्सामि? ॥१९॥
विलसंतअन्नगुणे, सुकुसुमबाणासणे फुरियकरुणे।
विहरिस्सं धम्मवणे, बहुमयदमणे अहं कइया? ॥२०॥

---

* પરીષહને સહન કરતો હું ક્યારે ઉંચ, નીચ અને મધ્યમકુળમાં ભિક્ષા મળે યા ન મળે તો પણ પ્રસન્ન રહી ગૃહસ્થને પોતાનો કોઈ પણ પરિચય આપ્યા વિના અને કોઈ પ્રકારે આકર્ષ્યા વિના (અજ્ઞાત ઉંછ) આહારની ગવેષણા-શોધ...કરીશ? ૧૬.

* છ કારણોથી આહાર કરવાની જરૂર પડે ત્યારે રાગદ્વેષ-રહિતપણે સ્વાદ માટે દ્રવ્યોની સંયોજના કર્યા વિના સર્પ જેમ દરમાં પ્રવેશ કરે એ રીતે ઉપયોગપૂર્વક ભોજન કરીશ? ૧૭.

* ક્યારે હું સૂત્રપોરિસી અને અર્થપોરિસીમાં તત્પર બની સમસ્ત જીતકલ્પ (ગુરુપરંપરાગત આચારો)થી યુક્ત થઈ ઉગ્ર વિહાર અને માસ-કલ્પની મર્યાદાથી વિહાર કરીશ? ૧૮.

* ક્યારે હું બીજાઓના અવર્ણવાદ બોલવાની કુટેવ ટાળી, શત્રુ-મિત્રપ્રત્યે સમભાવ રાખી, વિકથાઓનો રસ છોડી સતત સ્વાધ્યાયરત બનીશ? ૧૯.

* જે સુવર્ણ જેવા ઉજ્જ્વલ ગુણોથી વિલસે છે. કામના જ્યાં રામ રમી ગયા છે, કરુણાના જ્યાં ફુવારા ઉછળે છે તે મદનનું દમન કરનાર ધર્મવનમાં હું ક્યારે વિહરીશ? ૨૦.

कइआ विमलासोए, परागसुमणसवसेण कयमोए।
धम्मारामे रम्मे, पयडियसम्मे रमिस्सामि ॥२१॥
भयभेरवनिक्कंपो, सुसाणमाईसु विहियउस्सग्गो।
तवतणुअंगो कइया, उत्तमचरियं चरिस्सामि? ॥२२॥
तवसुत्तसत्तपमिई-भावणजुत्तो कया पवियपुव्वो।
पडिमापडिवत्तिधरो, परमत्थपयं पसाहिस्सं? ॥२३॥
चउहा दिव्वाइकयं, हासपओसाइभेयपडिभिन्नं।
उग्गउवसग्गवग्गं, अभग्गचित्तो सहिस्सामि? ॥२४॥
पाणपहाणपरम्मि वि, परम्मि परिभाविऊण परमत्थं।
वावारिस्सं कइया, करुणाभरमंथरं दिट्ठिं? ॥२५॥

---

* જે ધર્મારામ નિર્મળ, રોગ-શોક રહિત છે, જે ગુણ પુષ્પોના પરાગની સુવાસથી આનંદ કરાવનાર છે, જ્યાં સમ્યક્ત્વ પ્રગટી ચૂક્યું છે, તે સુરમ્ય ધર્મબાગમાં હું ક્યારે ક્રીડા કરીશ? ૨૧.

* ક્યારે ભય અને ભૈરવમાં નિષ્પ્રકંપ રહી, સ્મશાનાદિ ભૂમિમાં કાયોત્સર્ગ ધ્યાને રહી, તપથી કૃશદેહવાળો બની ઉત્તમ ચારિત્રનું આરાધન કરીશ? ૨૨.

* ક્યારે હું તપભાવના, શ્રુતભાવના સત્વભાવના વગેરે ભાવનાઓથી ભાવિત થઈ, પૂર્વશાસ્ત્રોનો અભ્યાસ કરી, બાર ભિક્ષુપ્રતિમાઓનું પાલન કરી પરમપદ સાધીશ? ૨૩.

* ક્યારે હું હાસ્ય અને દ્વેષાદિક ભેદવડે જુદા જુદા દેવતાદિક ચારના કરેલા ઉગ્રઉપસર્ગોના સમૂહને સ્થિર ચિત્તવાળો થઈને સહન કરીશ? ૨૪.

* મારા પ્રાણનો નાશ કરવા તત્પર થયેલા જીવોને પણ ક્યારે હું અપાર કરુણાભરી દૃષ્ટિથી નિહાળીશ? ૨૫.

परिचियकप्पाकप्पो, कइया हं थेरकप्पनिम्माओ।
जिणकप्पपडिमकप्पे, अवियप्पमणो पवज्जिस्सं? ॥२६॥
वाउ व्व अपडिबद्धो, कुम्मो इव गुत्तइंदिओ कइया।
चंदु व्व सोमलेसो, सूरो इव दित्ततवतेओ? ॥२७॥
गयणं व निरुवलेवो, होहं उयहि व्व कइय गंभीरो।
वासीचंदणकप्पो, भारंडो इव गयपमाओ ॥२८॥ (युग्मम्)
फुरियसंवेगरंगो, अणुवममुणिगणगुणाणुराएण।
चरणमणोरहमालं, भविया भावेह सयकालं। ॥२९॥
इय भावणा समेया, भव्वा संपाविऊण अचिरेण।
चरणधणेसरमुणिवइ-भावं पावंति परमपयं ॥३०॥

❋ કલ્પ શું અને અકલ્પ શું એથી સુપરિચિત હું સ્થવિરકલ્પ અંગીકાર કરી નિશ્ચલ મનવાળો બની ક્યારે જિનકલ્પ, પ્રતિમાકલ્પ વગેરે સ્વીકારીશ? ૨૬.

❋ ક્યારે હું વાયુની જેમ અસ્ખલિત વિહારવાળો, કાચબાની જેમ ગુપ્ત-સુરક્ષિત ઈન્દ્રિયવાળો, ચંદ્રની જેમ સૌમ્ય, સૂર્યની જેમ તપતેજથી તેજસ્વી, આકાશની જેમ નિર્લેપ, સાગરની જેમ ગંભીર અને ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત થઈશ? ૨૭-૨૮.

દેદીપ્યમાન સંવેગના રંગવાળા હે ભવ્ય! તું અનુપમ મુનિજનોના ગુણના અનુરાગવડે નિરંતર આ ચારિત્રના મનોરથની માળાને ભાવ્ય-વિચાર. ૨૯

આવી ભાવનાવાળા ભવ્ય પ્રાણીઓ ચારિત્રરૂપીધનના સ્વામી -મુનીશ્વરપણાને પામી શીઘ્ર મોક્ષપદને પામે છે! ૩૦.

★ ★ ★

श्रीयतिशिक्षापञ्चाशिका

जयइ जिणसासणमिणं, अप्पडिहयथिरपयावदिप्पंतं।
दूसमकाले वि सया, सया विसुद्धं तिहुअणे वि ॥१॥
पढमं नमंसियव्वो, जिणागमो जस्स इह पभावाओ।
सुहुमाण बायराणं, भावाणं नज्जइ सरूवं ॥२॥
इह जीवो भमइ भवे, किल(लि)ट्ठगुरुकम्मबंधणाहिंतो।
तन्निज्जराओ वि जहा, जाइ सिवं संवरगुणड्ढो ॥३॥
इच्चाइ जओ नज्जइ, सवित्थरं तं सरेह सिद्धंतं।
सविसेसं सरह गुरुं, जस्स पसाया भवे सो वि ॥४॥ (युग्मम्)
गुरुसेवा चेव फुडं, आयारंगस्स पढमसुत्तम्मि।
इय नाउं निअगुरुसे-वणम्मि कह सीअसि सकन्न? ॥५॥

❋ અપ્રતિહત અને સ્થિર પ્રતાપવડે દીપતું તેમજ ત્રણ ભુવનમાં સદા સુવિશુદ્ધ જિનશાસન દૂષમકાળમાં પણ જય પામે છે ૧.

❋ જેના પ્રભાવે સૂક્ષ્મ અને બાદર પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય છે તે શ્રીજિનાગમ સહુથી પહેલા નમસ્કાર કરવા યોગ્ય છે ૨

❋ ચીકણાં અને ભારે કર્મના બંધનવડે જીવ સંસારમાં ભટકે છે. તે કર્મની નિર્જરાથી અને સંવરગુણથી યુક્ત જીવ મોક્ષપદ પ્રાપ્ત કરે છે..... વગેરે હકીકતો વિશદ અને વિસ્તૃત રીતે જેનાથી જાણી શકાય છે. તે પૂજનીય સૂત્ર-સિદ્ધાંતનું હે ભવ્યાત્માઓ! તમે હંમેશ સ્મરણ કરો અને જેમની કૃપાથી તે સિદ્ધાન્તો જાણી શકાય છે તે ગુરુમહારાજનું પણ વિશેષપણે સ્મરણ કરો. ૩-૪

❋ શ્રીઆચારાંગસૂત્રમાં ગુરુસેવા કરવાનું ખાસ ભારપૂર્વક જણાવ્યું છે. છતાં હે વિદ્વાન્! સ્વગુરુસેવાના કાર્યમાં તું શિથિલ કેમ છે? ૫.

ता सोम! इमं जाणिअ, गुरुणो आराहणं अइगरिट्ठं।
इहपरलोअसिरीणं, कारणमिणमो विआण तुमं ॥६॥
रुट्ठस्स तिहुअणस्स वि, दुग्गइगमणं न होइ ते जीव!।
तुट्ठे वि तिहुअणे लहसि, नेव कइआवि सुगइपई ॥७॥
जइ ते रुट्ठो अप्पा, तो तं दुग्गइपहं धुवं नेइ।
अह तुट्ठो सो कहमवि, परमपयं पि हु सुहं नेइ ॥८॥
युग्मम्

जइ तुह गुणरागाओ, संथुणइ नमंसई इहं लोओ।
नइ तुज्झगुणरागाओ, कह तम्मि तुमं वहसि रागं? ॥९॥
जइ वि न कीरइ रोसो, कह रागो तत्थ कीरए जीव?।
जो लेइ तुह गुणे पर–गुणिक्कबद्धायरो चिट्ठो ॥१०॥

* હે સૌમ્ય! જૈનશાસનમાં ગુરુતત્ત્વની આરાધનાનું મહત્ત્વ ઘણું જ છે. તું સમજ કે આલોક પરલોકની સર્વસંપત્તિનું કારણ, એ જ છે. ૬

હે જીવ! ત્રણે જગત કદાચ તારા પર રોષ કરે એથી કાંઈ તારી દુર્ગતિ થવાની નથી અને ત્રણભુવન તારાપર તુષ્ટ થઈ જાય તો એટલા માત્રથી તારી સદ્ગતિ થવાની નથી પણ તારો આત્મા પ્રશાંત થઈ આત્મ-કલ્યાણમાં લીન બનશે તો જરૂર મોક્ષ પામશે. ૭-૮

*અરે મુનિ! લોકો તારી સ્તુતિ કરે છે અને તને નમસ્કાર કરે છે એ તારા ગુણોના રાગથી કરે છે પણ તું મૂઢ બની તે પ્રશંસકો ઉપર રાગ-સ્નેહ કેમ કરે છે? ૯.

* બીજાના ગુણોને ગ્રહણ કરવાના વ્યસનવાળા પુરુષો તારા ગુણો ગ્રહણ કરે છે. તેઓના ઉપર તું રોષ નથી કરતો એ તો ઠીક છે. પણ રાગ શા માટે કરે છે? તેમ બીજાના દોષ શોધવામાં તત્પર જીવો તારા દોષ ગ્રહણ કરે તેના ઉપર તું રાગ નથી કરતો તો દ્વેષ પણ કેમ કરે છે?

जो गिन्हइ तुह दोसे, दुहजणए दोसगहणतन्निच्छो।
जह कुणसि नेव रागं, कह रोसो जुज्जए तत्थ? ॥११॥
पिक्खसि नगे बलंतं, न पिच्छसे पायहिट्ठओ मूढ!।
जं सिक्खवसि परे, नेव कहवि कइआवि अप्पाणं ॥१२॥
का नरगणणा तेसिं?, वियक्खणा जे उ अन्नसिक्खाए।
जे निअसिक्खादक्खा, नरगणणा तेसि पुरिसाणं ॥१३॥
जइ परगुणगहणेण वि, गुणवंतो होसि इत्तिएणावि।
ता किं न करेसि तुमं, परगुणगहणं पि रे पाव! ॥१४॥
जिणवयणअंजणेणं, मच्छरतिमिराइं किं न अवणेसि?
अज्ज वि जम्मि वि तम्मि वि, मच्छरतिमिरंधलो भमिसि ॥१५॥

ખરી રીતે એ દોષ ગ્રહણ કરનાર પર રાગ-સ્નેહ થવો જોઈએ. ૧૦-૧૧.

* હે મૂઢ આત્મન્! પર્વત ઉપર બળતું તને દેખાય છે પણ તારા પગ નીચે બળતું કેમ દેખાતું નથી? કારણ કે તું બીજાને શિખામણ આપવા તૈયાર થાય છે પણ ક્યારે ય તારા આત્માને તું શિખામણ આપતો નથી. જેઓ બીજાઓને શિખામણ આપવામાં ડાહ્યા-તત્પર છે તેઓની લોકમાં કશી કિંમત-ગણના નથી. પરંતુ જેઓ પોતાના આત્માને હિતશિક્ષા આપવામાં નિપુણ હોય છે તેઓની જ ઉત્તમ મનુષ્યોમાં ગણના થાય છે. ૧૨-૧૩.

* હે પાપાત્મા! ગુણવાનના ગુણ ગ્રહણ કરવા માત્રથી પણ તું ગુણવાન થઈ શકે તેમ છે. છતાં ગુણવાનના ગુણગ્રહણ કરવાની મતિ કેમ નથી જાગતી? (પરના દોષો તરફ જ તારી મતિ કેમ ભટકે છે?) ૧૪.

* શ્રીજિનેશ્વરદેવના વચનરૂપી અંજનથી તારા નેત્ર ઉપર જામેલા ઈર્ષ્યાના પડલને કેમ દૂર કરતો નથી? તેથી જ ઈર્ષ્યાથી અંધ બની ચારગતિમાં જ્યાં ત્યાં ભટકી રહ્યો છે. ૧૫.

जेहिं दोसेहिं अन्ने, दूससि गुणगव्विओ तुमं मूढ!।
तै वि हु दोसट्ठाणे, किं न चयसि? पाव! धिट्ठो सि। ॥१६॥
उवसमसुहारसेणं, सुसीअलो किं न चिट्ठसि सयावि?।
किं जीव! कसायग्गी-पलीतदेहो सुहं लहसि? ॥१७॥
झाणे झीणकसाए, आरुढो किं न जीव! सिज्झिआ?।
आकेवलनाणं इह, ता झाणं कुणसु सन्नाणं ॥१८॥
जह जह कसायविगमो, तह तह सज्झाणपगरिसं जाण।
जह जह झाणविसोही, तह तह कम्मक्खओ होइ ॥१९॥
सज्झाणपसायाओ, सारीरं माणसं सुहं विउलं।
अणुहविअ कहं छड्डसि, जं सुहगिद्धो सि रे जीव! ॥२०॥

---

* રે મૂઢ! ગુણોના અભિમાનથી અક્કડ બનેલો તું બીજાઓ ઉપર જે દોષનું આરોપણ કરે છે તે દોષોનો ત્યાગ તું કેમ કરતો નથી? અરે પાપી! આ તારી કેવી ધિટ્ઠાઈ? ૧૬.

* અરે જીવ! ઉપશમરસના અમૃતથી તું હંમેશ શાંત-શીતલ કેમ રહેતો નથી? કષાયોના ધોમ ધખતા દાવાનળમાં તું શું સુખ પામીશ? ૧૭.

* હે જીવ! ક્ષીણકષાયવાળા (ક્ષપકશ્રેણિના) ધ્યાનથી શું તું સિદ્ધ નહિ થાય? થઈશ. માટે કેવળજ્ઞાન ન થાય ત્યાંસુધી શ્રુતજ્ઞાનના સહારે ધ્યાનયોગમાં પ્રગતિ કર. જેમ જેમ કષાયો મંદ પડે છે તેમ તેમ ધ્યાનની શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. અને જેમ જેમ ધ્યાન વધે છે તેમ તેમ કર્મનો ક્ષય થાય છે. ૧૮-૧૯

* હે જીવ! શુભ ધ્યાનના પ્રભાવે વિપુલ શારીરિક અને માનસિક સુખ અનુભવ્યા પછી પણ તે ધ્યાનયોગને સુખનો રસિયો તું કેમ છોડી દે છે? ૨૦

किं केवलो न चिट्ठसि, विहुणिअ चिरकालबंधसंबंधं।
कम्मपरमाणुरेणुं, सज्झायपयंडपवणेणं? ॥२१॥
मुज्झसु रे जीव! तुमं, मा मुज्झसु जिणमयं पि नाऊणं।
जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव! ॥२२॥
जइ कहमवि जीव! तुमं, जिणधम्मं हारिऊण पडिवडिओ।
पच्छाणंतेणावि हु, कालेण वि जीव! जिणधम्मं ॥२३॥
पाविहिसि वा न वा? तं, को जाणइ? जेण सो अइदुल्लभो।
इअ नाउं सिवपयसा-हणेण रे! होसु कयकिच्चो ॥२४॥
(युग्मम्)
जइ अज्जवि जीव! तुमं, न होसि निअवज्जसाहगो मूढ!।
किं जिणधम्माओ वि हु, अब्भहिआ कावि सामग्गी? ॥२५॥

---

* ઓ ચેતન! દીર્ઘકાળથી આત્મા ઉપર ચોંટેલી કર્મરજને સ્વાધ્યાયરૂપ પવનથી દૂર કરી તું સ્વતંત્ર કેમ થતો નથી? ૨૧

* હે આતમ! સમજ. શ્રીજિનધર્મને પામીને પણ તું મોહમાં કેમ મુઝાય છે! કારણ કે અનંત પુણ્યે મળેલી આ ધર્મસામગ્રી ફરી ફરી મળવી દુર્લભ છે.? ૨૨

* હે જીવ! (અનંતપુણ્યથી મળેલા) શ્રીજિનધર્મને જો તું કોઈ પણ રીતે હારી જઈશ તો પછી કોણ જાણે અનંતકાળે પ તું આ ધર્મને પામીશ કે નહિ? કેમકે ધર્મ અત્યંત દુર્લભ છે એમ જાણીને હે જીવ! મોક્ષપદની સાધના કરવા દ્વારા કૃતકૃત્ય થા! ૨૩-૨૪

હે મૂઢ જીવ! હજી સુધી પણ તું આત્મકલ્યાણની સાધનાનો સાધક બન્યો નથી. શું જિનધર્મથી ચઢીયાતી કોઈ સામગ્રી છે ખરી? ૨૫.

जा लद्धी इह बोही, तं हारिसि हा! पमायमयमत्तो।
पाविहिसि पाव! पुरओ, पुणो वि तं केण मूल्लेण ? ।।२६।।
अन्नं च किं पडिक्खसि ?, का ऊणा तुज्झ इत्थ सामग्गी ? ।
जं इह भवाउ पुरओ, भाविभवेसुं समुज्जमिसि ? ।।२७।।
इह पत्तो वि सुधम्मो, तं कूडालंबणेण हारिहिसि।
भाविभवेसुं धम्मे, संदेहो तं समीहेसि ।।२८।।
ता धिद्धी मइनाणे, ता वज्जं पडउ पोरिसे तुज्झ।
डज्झउ विवेगसारो, गुणभंडारो महासारो ।।२९।।
जं निअकज्जे वि तुमं, गयलीलं कुणसि आलविसारेसि।
अन्नं न कज्जसज्जो-सि, पाव! सुकुमारदेहो सि ।।३०।।

---

* रे જીવ! અહિં મળેલી બોધિ-સમજને પ્રમાદને પરવશ બનીને હારી જઈશ તો જન્માંતરમાં આવી સુંદર સમજ ક્યા મૂલ્યથી મેળવીશ? ૨૬.

* અરે પામર! સંસારના તુચ્છ સુખમાં આસક્ત બનેલો તું આત્મકલ્યાણનો વાયદો આગામી ભવનો આપે છે. પણ આવતા ભવે આ સામગ્રી મળશે જ તેની તને ખાત્રી છે? આ ભવમાં કઈ સામગ્રી ઓછી છે? ૨૭.

*અહિં ઉત્તમધર્મ પ્રાપ્ત થવા છતાં ખોટા બહાના કાઢી આરાધતો નથી તો પછી આવતા ભવમાં ધર્મ ક્યાંથી મળવાનો હતો? ૨૮.

* ધિક્કાર છે તારી મતિને! વજ્ર પડો તારા આ પુરૂષાર્થ પર! સળગી જાઓ તારો વિવેકસાર અને સારભૂત ગુણનો તારો ગુણનો ભંડાર પણ બળી જાઓ! ૨૯.

* અરે પાપી જીવ! તું તારા આત્મકલ્યાણના કાર્યમાં પણ હાથીની લીલાની જેમ 'હોતી હૈ ચલતી હૈ' કરે છે. આંખ આડા કાન કરે છે અને સુખશીલીયો થાય છે. વળી જીવ! તારે કલિકાલનું આલંબન હરગીજ ન લેવું. કલિકાલમાં તીવ્ર તપશ્ચર્યાદિ ભલે નાશ પામ્યું હોય પણ જિનધર્મ નાશ પામ્યો નથી. ૩૦-૩૧

अन्नं च सुणसु रे जिअ! कलिकालालंबणं न चित्तव्वं।
जं कलिकाला नट्ठं, कट्ठं न हु चेव जिणधम्मो ।।३१।।
समसत्तुमित्तचित्तो, निच्चं अवगणियमाणअवमाणो।
मज्झत्थभावजुत्तो, सिद्धंतपवित्तचित्तंतो ।।३२।।
सज्झाणझाणनिरओ, निच्चं सुसमाहिसंठिओ जीव!।
जइ चिट्ठसि ता इहयं, पि निव्वुई किं च परलोए।।३३।। युग्मम्
इअ सुहिओ वि हु तं कुणसु जीव! सुहकारणं वरचरित्तं।
मा कलिकालालंबण-विमोहिओ चयसि सच्चरणं ।।३४।।
केवलकट्ठे धुवं, न सिज्झई वरचरित्तपब्भट्ठा।
कट्ठरहिओ वि सज्झाण-दुक्खसहिओ वि जाइ सिवं ।।३५।।

---

* હમેશા શત્રુ કે મિત્રમાં સમાન ચિત્તવાળો, માન અપમાનને નહિ ગણનારો, મધ્યસ્થ ભાવવાળો શાસ્ત્રોનાં પરિશીલનદ્વારા પવિત્રચિત્ત અને પવિત્ર અંતઃકરણવાળો તું શુભધ્યાનમાં લીન અને સદા સમાધિમગ્ન રહીશ તો તારે અહીં જ પરમસુખ છે. તો પરલોકના સુખની શી વાત? ૩૨-૩૩.

* જીવ! તારા પૂર્વના પુણ્યે તું ભલે સુખી હો પણ પરમસુખના કારણ રૂપ શ્રેષ્ઠચારિત્રનું પાલન કર. કલિકાલમાં ડગલે ને પગલે એવા મળતાં નબળા આલંબનોથી મુંઝાઈને કલ્યાણકારી ચારિત્રમાર્ગની ઉપેક્ષા ન કરીશ. મળેલા તુચ્છ સુખમાં લીન ન બનીશ. ૩૪.

* ચારિત્રના પાલનથી ભ્રષ્ટ થયેલા હે વેષધારી મુનિ! કેવળ કષ્ટથી મુક્તિ નહિ થાય પણ શુભધ્યાનના કષ્ટથી જરૂર મુક્તિ થશે. ૩૫.

अज वि जिणधम्माओ, भवम्मि बीयम्मि सिज्झई जीवो।
अविराहिअसामन्नो, जहन्नओ अट्ठमभवम्मि ॥३६॥
ता जीव! कट्ठसज्झं, जइधम्मं तरसि नेव मा कुणसु।
किं न कुणसि सुहसज्झं, उवसमरससीअलं चरणं? ॥३७॥
न हि कट्ठाओ सिद्धा, विसिट्ठकाले वि किं तु सचरणा।
ता तं करेसु सम्मं, कमेण पाविहिसि सिवसम्मं ॥३८॥
तं पुव्विं पि हु जीवा, कमेण पत्ता सिवं चरित्ताओ।
आइजिणेसरपमुहा, ता तं पि कमेण सिज्झिहिसि ॥३९॥
जो महरिसिअणुचिन्नो, संपइ सो दुक्करो जइपहो तो।
अणुमोअसु गुणनिवहं, तेसिं चिअ भत्तिगयचित्तो ॥४०॥

---

* આ કાળે પણ જિનધર્મની આરાધનાથી જીવ બીજે ભવે સિદ્ધ થઈ શકે અને જો ચારિત્રની વિરાધના ન કરે તો જઘન્યથી પણ આઠમે ભવે સિદ્ધ થાય છે. ૩૬.

* જીવ! કષ્ટથી પાળી શકાય એવા ધર્મનું આરાધન કરવાની શક્તિ ભલે તારામાં ન હોય પણ સુખપૂર્વક સાધી શકાય એવા ઉપશમ-રસથી શીતળ ચારિત્રને તું કેમ સાધતો નથી? ૩૭.

* વિશિષ્ટ કાળમાં પણ અજ્ઞાન કષ્ટથી આત્માઓ મોક્ષ પામ્યા નથી પણ સુંદરકોટીનું ચારિત્ર પાળીને જ સિદ્ધ થયા છે. માટે તું તેવા ચારિત્રનું પાલન કર, અને ક્રમે કરીને મોક્ષસુખનો ભોક્તા બન. ૩૮

* ભગવાન ઋષભદેવથી માંડીને જીવો મોક્ષે ગયા, તે સુંદર ચારિત્રનાં પાલનથી જ ગયા, તું પણ ચારિત્રના બળે જ ક્રમે કરીને મોક્ષે જઈશ. ૩૯

* પૂર્વમહાર્ષિઓએ જે કઠોર સાધુધર્મનું સેવન કર્યું તેવું કઠોર અને શ્રેષ્ઠ ચારિત્ર તને દુષ્કર લાગતું હોય તો તે મહર્ષિઓ ઉપર પૂર્ણ ભક્તિ ધારણ કરી તેમના ગુણસમૂહની ખૂબ ખૂબ અનુમોદના કર. ૪૦

वसइ गिरिनिकुंजे भीसणे वा मसाणे,
वणविडवितले वा सुन्नगारे व रन्ने।
हरिकरिपभिईणं भेरवाणं अभीओ,
सुरगिरिथिरचित्तो झाणसंताणलीणो ॥४१॥
जत्थेव सूरो समुवेइ अत्थं, तत्थेव झाणं धरई पसत्थं।
वोसट्ठकाओ भयसंगमुक्को, रुउद्दखुद्देहि अखोहणिज्जो ॥४२॥
एसइ उज्झिअधम्मं, अंतं पंतं च सीअलं लुक्खं।
अकोसिओ हओ वा, अदीणविद्दवणमुहकमलो ॥४३॥
इअ सोसंतो देहं, कम्मसमूहं च विउलसहाओ।
जो मुणिपवरो एसो, तस्स अहं निच्चदासु म्हि ॥४४॥
धन्ना ते सप्पुरिसा, जे नवरमणुत्तरं गया मुक्खं।
जम्हा ते जीवाणं, न कारणं कम्मबंधस्स ॥४५॥

તે અનુમોદના આ રીતે-

* અહો! ઉત્તમ મુનિવરો ગિરિગુફામાં, ભયંકર સ્મશાનમાં, વનવૃક્ષોની નીચે, શૂન્યઘરમાં અને જંગલોમાં વસે છે. હાથી, સિંહ, વગેરેનાં ભય અને ભૈરવોથી-ગર્જનાથી નિર્ભિક રહે છે. મેરૂની જેમ સ્થિરચિત્ત બની શુભધ્યાનમાં લીન બને છે. ૪૧

* માર્ગે ચાલતાં જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાં જ કાયોત્સર્ગ ધ્યાને રહે છે. ભય પામ્યા વિના, રૌદ્ર અને ક્ષુદ્ર શબ્દોથી ક્ષોભ ધારણ કર્યા વિના પ્રશસ્તધ્યાનને અખંડ રાખે છે. ૪૨

* ગૃહસ્થો જેને કાઢી નાંખે. ફેંકી દે એવી અંત-પ્રાંત, ઠંડી અને લૂખી ભિક્ષા-આહાર શોધે છે, કોઈ ગાળ દે, મારે તો પણ તેમનું મુખકમળ પ્રસન્ન અને શાંત હોય છે. ૪૩

* આ રીતે દેહ અને કર્મોનું શોષણ કરનાર પૈર્યબળની સહાયવાળા મુનિવરોનો હું હંમેશ દાસ છું. ૪૪

* અનુપમ સુખ સ્વરૂપ મોક્ષને પામેલા સિદ્ધભગવંતોને ધન્ય છે. જે કોઈને કર્મબંધનું નિમિત્ત આપતા નથી. ૪૫

अम्हे न तहा धन्ना, धन्ना पुण इत्तिएण जं तेसिं।
बहु मन्नामो चरिअं, सुहासुहं धीरपुरिसाणं ॥४६॥
धन्ना हु बालमुणिणो, कुमारभावंमि जे उ पव्वइआ।
निज्जिणिऊण अणंगं, दुहावहं सव्वलोआणं ॥४७॥
जं उज्जमेण सिज्झइ, कज्जं न मणोरहेहिं कइआवि।
न हि सुत्तनरमुहे तरु-सिहराओ सयं फलं पडइ ॥४८॥
एवं जिणागमेणं, सम्मं संबोहिओ सि रे जीव!
संबुज्झसु मा मुज्झसु, उज्जमसु सया हिअट्ठम्मि ॥४९॥
ता परिभाविअ एअं, सव्वबलेणं च उज्जमं काउं।
सामन्ने हो सुथिरो, जह पुहईचंदगुणचंदे ॥५०॥ इति॥

---

* અમે તેમના જેવા ધન્ય નથી પણ એટલે અંશે ધન્ય છીએ કે એ વીરપુરુષોના સુખદુઃખથી ભરેલા ભવ્યચારિત્રને, સુખદુઃખના પ્રસંગે ધીરતાપૂર્વકના જીવનને બહુમાનથી જોઈએ છીએ. ૪૬.

ધન્ય છે તે બાલમુનિઓને કે જેઓ પ્રાણીમાત્રને કારમી પીડા આપનાર કામદેવને જીતીને કુમારાવસ્થામાં જ દીક્ષિત થયા. કેટલાક કાર્યો માત્ર મનોરથથી સિદ્ધ થતા નથી પણ ઉદ્યમ-પુરૂષાર્થથી સિદ્ધ થાય છે. સૂતેલા મનુષ્યના મોઢામાં ઝાડ ઉપરથી ફળ આપોઆપ આવી પડતું નથી પણ એને માટે ઉદ્યમ કરવો પડે છે. ૪૭-૪૮

હે જીવ! આ હકીકત જિનાગમથી તને સારી રીતે સમજાવી. હવે તું સમજ. વિષયોમાં કે પ્રમાદમાં મુંઝાયા વિના આત્મહિતની પ્રવૃત્તિમાં સતત ઉદ્યમ કર! ૪૯

આ વાત પર ખૂબ વિચાર કરી સઘળી શક્તિ ખર્ચી ઉદ્યમ કરી પૃથ્વીચંદ્ર ગુણસાગરની જેમ શ્રમણભાવમાં સુસ્થિર થા! ૫૦